## કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ બિદડા ઉપક્રમે જનજાગૃતિ કાર્યક્રમ સંપન્ન

# પિતૃદોષ નિવારણના વિધિ-વિધાન નર્યુ તુત : વિજ્ઞાન જાથા

**ડોમ્બીવલીમાં અંધશ્રધ્ધા નિવારણનો કાર્યક્રમ યોજાયો**

**ચમત્કારિક પ્રયોગોનું નિદર્શન કરી શીખડાવી દેવામાં આવ્યા**

**ચંદ્રગ્રહણની રસપ્રદ માહિતી આપતા જાથાના જયંત પંડયા**

**જાથાનો ૧૦૦૬૪ મો કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો**



અમદાવાદ, તા. ૯

મુંબઈના ડોમ્બીવલીમાં કચ્છ બિદડા કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજના ઉપક્રમે અંધશ્રદ્ધા નિવારણનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો હતો. ગ્રહ, સુરાપુરા, પિતૃદોષ નિવારણના વિધિ-વિધાન નર્યુ તુત-બોગસની રસપ્રદ માહિતી આપવામાં આવી હતી. જાથાનો ૧૦૦૬૪ મો કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો હતો.

વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદઘાટન જ્ઞાતિ સમાજના હોદ્દેદારો લાલજીભાઈ લધા છાભૈયા, જયંતિલાલ કાનજી શીરવી, હિરાલાલ કરમશી સેંઘાણી, જેન્તીલાલ જેઠા પારસીયા, રવિલાલ અરજણ સેંઘાણી, પ્રવિણભાઈ રામજીભાઈ સેંઘાણી, હેમચંદ ધનજી છાભૈયા, જીતેન્દ્ર જીવરાજ છાભૈયા, રમેશભાઈ લધારામ દડગા, ઈરભાઈ નારણ રામાણી, જીતેન્દ્ર છગનલાલ રામાણી, નરશી રવજી વેલાણી, હેમલતાબેન રવિભાઈ પારસીયા, જયોતિબેન છાભૈયાની હાજરીમાં અગ્નિનું આપોઆપ પ્રાગ્ટય કરવામાં આવ્યું હતું.

કચ્છ બિદડા કડવા પાટીદાર સમાજના પરિવારોના તેજસ્વી છાત્ર-છાત્રાઓનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. સમાજના આગેવાનોએ વિજ્ઞાન જાથાની જનજાગૃતિ પ્રવૃત્તિ વર્તમાન સમયની માંગ હોય સમાજે જાગૃતતા માટે આયોજન કરેલ છે. સર્વાંગી ઉપયોગી સાબિત થશે તેવો વિસ વ્યકત કર્યો હતો.

જાથાના રાજય ચેરમેન એડવોકેટ જયંત પંડયાએ ચમત્કારિક પ્રયોગોનું નિદર્શન કરતાં જણાવ્યું કે ભારતમાં સદીઓથી માનવી કર્મકાંડ-ક્રિયાકાંડથી પોતાની બરબાદી-પાયમાલી નોતરે છે તેનાથી સાવધાન રહેવાની જરૂર છે. વિધિ-વિધાનથી બરબાદી, અધોગતિ સહજતાથી પ્રાપ્ત થાય છે તો તેને તિલાંજલિ આપવી જોઈએ. વર્ષોની માનસિકતા બદલવાની જરૂર છે. ગ્રહ, સુરાપુરા કે પિતૃદોષ નિવારણની વિધિઓ સંપુર્ણ બોગસ-નિરાધાર છે તેનાથી ફાયદો કરતા પાયમાલી મળે છે. શારીરિક, માનસિક, આર્થિક નુકશાની વેઠવી પડે છે. મૃત્યુ પામેલા કદી નડતા નથી જીવતા નજીકના સગા-સંબંધી, મિત્રો જ નડે છે તેનાથી સાવધાની રાખવાની જરૂર છે. મૃત્યુ પછી શ્રાધ્ધમાં ભેળવવું વિધિ વિગેરે કર્મકાંડ પરંપરા બની ગઈ છે તેને વર્તમાન સમયમાં ફગાવવી જોઈએ. શ્રાધ્ધ પહોંચવું વિગેરે માનસિકતા સાથે જોડાયેલું છે જે માનસિક રીતે નબળા લોકોને કર્મકાંડ-ક્રિયાકાંડો કરવા પડે છે. દ્રઢ મનોબળ ધરાવતા વ્યકિતઓને કશું જ નડતું નથી. સકારાત્મક વલણ રાખવાના દ્રષ્ટાંતો આપવામાં આવ્યા હતા. માનતા, ટેક રાખવાથી માનવી પાછલી સદીમાં ધકેલાય જાય છે. નુકશાની, સમય બરબાદી મળે છે. પોતાના પરિવારનો વિકાસ પ્રગતિ રૂંધે છે. બીજી સમસ્યાઓ આપોઆપ ઉભી થાય છે. જન્મકુંડળી મેળવવી, ગ્રહના મંત્ર-જાપ, અદ્રશ્ય શકિત, આસુરી શકિત, મેલી વિદ્યા, ભૂત-પ્રેત નિવારણના કર્મકાંડ, વિધિઓ, જાત-જાતના નુશ્કાઓ કરવાથી હાનિ વધુ થાય છે. માનસિક આઘાતમાં પરિણમે છે. સદીઓથી લેભાગુઓ યેનકેન છેતરપિંડી કરે છે તેથી સાવધાની રાખવાની જરૂર છે. શિક્ષિતો, વેપારીઓ આધુનિક અંધશ્રધ્ધાની લપેટમાં આવી ગયો છે. સમાજને શિક્ષિતોની અંધશ્રદ્ધાથી વધુ નુકશાન પહોંચાડે છે. અશિક્ષિત, ગામડાની અંધશ્રદ્ધા માત્ર પોતાના વિસ્તારની સમીપ હોય છે જયારે આધુનિક અંધશ્રદ્ધા જેટ ગતિએ પ્રસરીને માનવીનો ભોગ લે છે. માનવીને વિજ્ઞાન અભિગમ-દ્રષ્ટિકોણથી લાભ થાય છે. તર્કને વારંવાર પ્રાધાન્ય આપી જીવવું જોઈએ. ભાવિ પેઢીનું ધ્યાન રાખી અનુકરણ કરવું જોઈએ. સોશ્યલ મિડિયામાં આવતી વિવિધ પ્રકારની વાર્તાઓ, કહાની, ચમત્કાર કે નિવારણના ફાયદાઓ માત્ર ગતકડાં ઉભા કરી મોહજાળમાં ફસાવે છે, મોટેભાગે ખોટું હોય છે તેથી ખરાઈ-તપાસ કરવી જોઈએ. જાથા પોતાના અંગત વિચારો રજૂ કરે છે, માનવું-ન માનવું વ્યકિતએ સ્વતંત્ર નિર્ણય કરવો જોઈએ. પોતાનો વિચાર, સમાજ, રાષ્ટ્રની પ્રગતિ ઉપર ધ્યાન આપવાનો યુગ છે. શિક્ષણ આવતા અંધશ્રદ્ધામાં વધારો થયો તેનું જાથાને દુઃખ છે.

વધુમાં જયંત પંડયાએ જણાવ્યું કે કચ્છના મોટાભાગના પરિવારોએ વર્ષોથી વેપાર માટે બહારના ક્ષેત્રમાં નીકળી ગયા તેથી સર્વાંગી પ્રગતિ મેળવી છે તેમાં પુરૂષાર્થની ભૂમિકા અગ્ર છે ત્યારે વર્તમાન અંધશ્રદ્ધાથી દૂર રહેવું જોઈએ. શ્રધ્ધા-માનતા રાખવાથી કશું જ પરિણામ આવતું નથી. વિજ્ઞાન ટેકનોલોજીને અનુસરવું જોઈએ. વાસ્તુશાસ્ત્ર, ફેંગસુઈ, જયોતિષ, ટેરાશાસ્ત્ર, સિગ્નેચર, છાયા વિગેરે ફળ કથનો નર્યો બકવાસ છે. મોટાભાગના લોકોને છેતરાયાનો અનુભવ થાય છે. વાસ્તવિકતામાં જીવન જીવવાથી ફાયદાઓ છે. હાથમાંથી રક્ષાપોટલી, હાથના આંગળામાં જુદા જુદા ગ્રહની નંગની વીંટી, લાલ-પીળા, લીલા દોરા હાથમાં બાંધવાથી માનસિક દરિદ્રતા જોવા મળે છે. વ્યકિતઓ પોતાનો નિર્ણય જાતે કરવો જોઈએ. જયોતિષ ચોપડીના આધારે અનુકરણ કરવાથી બરબાદી જ મળે છે. અનુભવ આધારીત જીવનપદ્ધતિ બનાવવી જોઈએ. કોઈપણ વ્યકિતથી વિશેષ પ્રભાવિત થવાની જરૂર નથી તેમાં ચકાસણી કરવી જોઈએ.


પાટીદાર મહિલા સંગઠનના હેમલતાબેન પારસીયાએ જણાવ્યું કે સમાજના ઉત્કર્ષ માટે વિજ્ઞાન જાથાના કાર્યક્રમ ઉપયોગી હોય આયોજન કર્યું છે. અંધશ્રદ્ધાને દેશવટો આપવાની જરૂર છે. જ્ઞાતિ-સમાજ માટે લાભપ્રદ સાબિત થશે.

વૈજ્ઞાનિક પ્રયોગોમાં એકના ડબલ, ધૂણવું-સવારીની ડીંડકલીલા, સંમોહન, મનગમતી મીઠાઈ ખવડાવવી, બોલતું તાવીજ, હઝરતમાં જોવું, અગ્નિનું આપોઆપ સળગવું, જીભની આરપાર ત્રિશુલ નાખવું, રૂપિયાનો વરસાદ, હાથ-માથા ઉપર દીવા રાખવા, હાથમાં કંકુ-ભસ્મ, લોહી નીકળવું, કાનેથી ચિટ્ઠી વાંચવી, શ્રીફળમાં ચોટવું-ફરવું, ચૂંદડી નીકળવું, પાણીમાં અગ્નિ થવું વિગેરેનું નિદર્શન કરી પરિવારોને શીખડાવી દેવામાં આવ્યા હતા. જાથાના અંકલેશ ગોહિલ, રોમિત રાજદેવ, રવિ પરબતાણી, સાહિલ રાજદેવે પ્રયોગ નિદર્શનમાં ભાગ લીધો હતો.

મીમીક્રી આર્ટીસ્ટ ઉમેશ રાવ, તુષાર રાવે આબેહુબ પ્રયોગ નિદર્શન કરી ઉપસ્થિતના દિલ જીતી લીધા હતા.

રાજયમાં જનજાગૃતિ કાર્યક્રમ યોજવા ઈચ્છુકોએ મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક સાધવો.

## મેરિયાણા ગામના VAC અને સરપંચે માનવતાનું અનોખું ઉદાહરણ પુરૂ પાડયું



અમરેલી, તા. ૯

સાવરકુંડલા તાલુકાના મેરિયાણા ગામે તાજેતરમાં બનેલી એક ઘટનાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે સારા માણસો આજેય સમાજમાં વિસ જાળવી રાખે છે. ગામના ટઈઅ અનિભાઈ રાઠોડે પોતાની ઈમાનદારી અને ફરજ પ્રત્યેની પ્રતિબદ્ધતા દ્વારા માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડયું છે.

ઘટના મુજબ, મેરિયાણા ગ્રામપંચાયત કચેરીમાં સહાય માટેનું ફોર્મ ભરવા આવેલા પ્રવીણભાઈ પાંડવે પોતાની પાસે રહેલી ૨૨ હજાર રૂપિયાની રોકડ રકમ, એક ચેક તેમજ જરૂરી દસ્તાવેજોથી ભરેલી થેલી ત્યાં જ ભૂલી ગયા હતા. તેઓ કચેરીમાંથી બહાર નીકળી ગયા બાદ, VAC અનિભાઈને આ થેલી નજરે પડી. કોઈપણ પ્રલોભન વગર તેમણે તરત જ આ બાબત અંગે ગામના સરપંચ હિતેશભાઈ ખાત્રાણીને જાણ કરી.

સરપંચ હિતેશભાઈએ ગામના ગ્રૂપમાં જાહેર સંદેશ મૂકી Villagersને માહિતી આપી કે કચેરીમાં એક થેલી મળી આવી છે અને જેની હોય તે વ્યકિત યોગ્ય ઓળખ આપી તેને પરત લઈ શકે છે. અંતે, પ્રવીણભાઈ પંચાયત કચેરી પર આવ્યા અને તેમની થેલી તથા સમગ્ર રોકડ રકમ અને દસ્તાવેજો સુરક્ષિત રીતે પરત મળ્યા.

આ ઘટના ગામમાં ઈમાનદારી, વિસ અને માનવતાનું સશક્ત સંદેશ આપે છે. સામાન્ય રીતે ભૂલાઈ ગયેલી મોટી રકમ પાછી મળી રહે તે દુર્લભ બાબત છે, પરંતુ મેરિયાણા ગામના VAC અને સરપંચે જે રીતે જવાબદારી અને સચ્ચાઈ દાખવી તે ગામ માટે ગૌરવની બાબત છે.

આવા કિસ્સાઓ સમાજમાં સકારાત્મકતા ફેલાવે છે અને લોકોને પ્રેરણા આપે છે કે ઈમાનદારી અને માનવતા એ સૌથી મોટી સંપત્તિ છે. મેરિયાણા ગામે આ ઘટના દ્વારા સાબિત કર્યું છે કે ગામડાંની ધરતી પર આજેય માનવતાની મૂલ્યો જીવંત છે.

## ૧૦ સપ્ટેમ્બર, આત્મહત્યા નિવારણ દિવસ




અમરેલી, તા. ૯

આજે દિવસે દિવસે વધતા જતા તણાવને કારણે દુનિયાભરમાં આત્મહત્યાના કિસ્સા વધતા જઈ રહ્યા છે ત્યારે તેને રોકવા ખૂબ જ જરૂરી છે. આ માટે લોકોને જાગૃત કરવા માટેના ઉદ્દેશ્યથી દર વર્ષે ૧૦ સપ્ટેમ્બરે "વિ આત્મહત્યા નિવારણ દિવસ" ઉજવવામાં આવે છે. આત્મહત્યા પાછળ હંમેશા મનોચિકિત્સક, સામાજીક, આર્થિક, પરિવારિક અને વ્યકિતગત કારણ હોય છે. આત્મહત્યાને રોકવા કે આત્મહત્યાનાં વિચારને રોકવા માટે જીવન પ્રત્યે સંતુલિત દ્રષ્ટિકોણ રાખવો ખુબ જરૂરી છે. સારા કે ખરાબ બંને જીવન જીવવા માટેના પાસા છે. જીવનમાં સુખ અને દુઃખ બંને આવે છે, બંને એક સિક્કાની બે બાજુઓ જેવા જ છે. પોતાની ભૂલોમાંથી કાયમ શીખવું જોઈએ. ક્યારેક એવું થાય છે કે કાંઈ ગમતું નથી. ક્યારેક જીંદગી અટકી ગઈ હોય એવું લાગે છે. મન ખૂબ ઉદાસ થઈ જાય છે, પણ આ બધું શું નોર્મલ નથી? આપણે માણસ છીએ તો ખુશીની લાગણીની જેમ ઉદાસીની લાગણી પણ થાય જ. આપણે ખુશીઓ સ્વીકારવા કેટલા ઉત્સુક હોઈએ છીએ, તો એવી જ રીતે ક્યારેક ઉદાસીને પણ ગળે વળગાડી દઈએ. બસ એને પકડીના રાખીએ. એને પણ એક આલિંગન આપીને જવા દઈએ. ઉદાસ હોવું કે દુઃખી હોવું એ પણ આપણા માણસ હોવાની સાબિતી જ તો છે. બસ ઉદાસીને ડીપ્રેશનમાં પરિવર્તિત ન થવા દેવું જોઈએ. અત્યારની આ ગળાકાપ હરિફાઈની દુનિયામાં નિષ્ફળતા પણ મળવાની જ છે. જો કોઈ એક પરીક્ષા માટે ૧૦૦ માણસ પ્રયત્નો કરતા હોય તો તેમાં તે બધા જ થોડા પાસ થવાના છે? કોઈક તો નાપાસ થશે જ. પણ તે નિષ્ફળતા કાયમી થોડી છે? અને દરેક જણ પરફેકટ અને પૂર્ણ જ થોડું હોય? જો એવું હોય, તો પછી કોઈ સામાન્ય (Ordinary) રહેશે જ નહીં. દુનિયાની કોઈપણ કિતાબમાં જવાબો શોધી લો. પણ જીંદગી તો રોજ તમને સિલેબસ બહારનાં જ સવાલો પૂછવાની! તો ચાલો પોતાની જાતને નિષ્ફળ કે નબળા સમજવાને બદલે, જીંદગીએ પૂછેલા સવાલોનો ખુલ્લા મને અને ખુલ્લા દિલે હિંમતભેર જવાબ આપીએ. જો મનમાં વારંવાર આત્મહત્યાના વિચાર આવે ત્યારે આવી રીતે પોતાની જાતને મદદ કરવી જોઈએ.

**૧. કોઈ સાથે વાત કરો:**

કોઈ સાથે પોતાની લાગણીઓને શેર કરવી એક મહત્વપૂર્ણ કાર્ય છે. કારણ કે, મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. માટે તેને પ્રેમ, સ્નેહ, હૂંફ અને સાથ-સહકારની જરૂર હોય છે. જો તમે દુઃખી હોય અને આત્મહત્યાના વિચાર આવે ત્યારે પોતાની જાતને પોતાની રીતે નિયંત્રણમાં રાખવાની જીદ છોડી અન્યની મદદ લેવી. જેમ કે પોતાના મિત્ર, પરિવારજન, નજીકના સગાઓની અને જરૂર પડ્યે મનોચિકિત્સકની મદદ લેવી પણ ઉચિત છે.

**૨. એકલા બિલકુલ ન રહો:**

આજના સમયમાં મોટાભાગના યુવાનો શહેરમાં પરિવારથી દૂર એકલા રહેવાનું પસંદ કરે છે ત્યારે આત્મઘાતી વિચારો આવે તો થોડા સમય માટે કોઈને સાથે રહેવા બોલાવી લેવા જોઈએ.

**૩. થેરાપી અને ઉપચાર લો:**

જો તમને મહેસુસ થાય કે, મનમાં એવા વિચાર આવે છે તો થેરાપીસ્ટને કન્સલ્ટ કરવા જોઈએ.

૪. યોગ, સૂર્યપ્રકાશ, શાકાહાર, સંતુલિત જીવન શૈલી અપનાવો. ખોટી હાય વોય છોડી દો. રાગ, દ્વેષ, ઈર્ષા, મોહ, મત્સર, કામ, ક્રોધ, વ્યસન જેવાં દુષણોથી દુર રહો.

**-મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨૨૧૯૯૯)**

## અમરેલી જિલ્લામાંથી સૌપ્રથમવાર બીચ વોલીબોલમાં શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસ વિધાસભાના ખેલાડીઓએ કાંસ્ય પદક મેળવ્યો



અમરેલી, તા. ૯

તારીખ ૫ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ SGFI ૨૦૨૫ જિલ્લા કક્ષાની બીચ વોલીબોલ સ્પર્ધાનું આયોજન જાફરાબાદ મુકામે થયું હતું, જેમાં વિવિધ શાળાઓની પ્રતિસ્પર્ધી ટિમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં અમરેલી જિલ્લામાંથી શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભાના સ્કૂલના ખેલાડીઓએ ભાગ લઈ ઉત્તમ પ્રદર્શન સાથે કાંસ્ય પદક પ્રાપ્ત કર્યો હતો. જેમાં ૧) પટેલ પ્રતીક વિમલભાઈ ધોરણ-૧૦, ૨) પટેલ દક્ષ સંદીપભાઈ ધોરણ-૧૦, ૩) મણિયા યુગ જગદીશભાઈ ધોરણ-૧૨, ૪) પટેલ કુંજ સંદીપભાઈ ધોરણ-૧૨ કાંસ્યપદક મેળવી સિધ્ધી પ્રાપ્ત કરી શાળા અને અમરેલી જિલ્લાનું નામ રોશન કરેલ છે ત્યારે આ સિદ્ધિ સંસ્થાના ખેલ પ્રણાલી અને નિયમિત કઠિન પ્રશિક્ષણનું શ્રેષ્ઠ પરિણામ છે. કોચના માર્ગદર્શન અને ખેલાડીઓની અવિરત મહેનતના પરિણામે આ ગૌરવપૂર્ણ જીત મળી છે. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ અને કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ શુટિંગના ખેલાડીઓ તેમજ કોચ પુલકીતા નિમ્બાવાલ અને ટ્રેનર સાવનભાઈ દેસાઈને અભિનંદન પાઠવ્યા હતા. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

### ભાજપ શાસિત પાલિકામાં બેફામ ગંદકીના ગંજ ઉભા થયા હોય

## રાજુલા શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રાંત કલેક્ટરને આવેદનપત્ર અપાયું

**સફાઈ કામદારો હડતાલ પર હોવાથી નાગરિકો ભારે પરેશાન**



અમરેલી, તા. ૯

આ સંજોગોમાં શહેર કોંગ્રેસ સમિતિ તથા કોંગ્રેસ આગેવાનો દ્વારા પ્રાંત કલેકટરને આવેદનપત્ર અર્પણ કરી તાત્કાલિક પગલાં લેવા માંગણી કરવામાં આવી છે. રજૂઆતમાં સ્પષ્ટ જણાવાયું છે કે સફાઈ કામદારોના આંદોલનનું તાત્કાલિક નિવારણ કરી શહેરમાં તાત્કાલિક ધોરણે સફાઈ કામગીરી શરૂ કરવામાં આવે.

આ પ્રસંગે અમરેલી જિલ્લા પંચાયત વિરોધ પક્ષના નેતા જે ડી કાછડ, રાજુલા શહેર કોંગ્રેસ પ્રમુખ રવિરાજભાઈ ધાખડા, રાજુલા તાલુકા કોંગ્રેસ પ્રમુખ ગંગાભાઈ હડિયા, યુવક કોંગ્રેસ પ્રમુખ રવજીભાઈ મહિડા, કોંગ્રેસ અગ્રણી જગદીશભાઈ નાગર, રસુલભાઈ દલ સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

રાજુલા શહેર કોંગ્રેસ પ્રમુખ રવિરાજભાઈ ધાખડાએ જણાવ્યું હતું કે, શહેરમાં ગંદકીના કારણે નાગરિકોના આરોગ્ય પર ગંભીર અસર થઈ રહી છે. ભાજપ શાસિત નગરપાલિકાએ જવાબદારી નિભાવવામાં નિષ્ફળતા અનુભવી છે. જો તાત્કાલિક સફાઈ કામ શરૂ નહીં થાય તો કોંગ્રેસ પક્ષ જનહિત માટે વધુ કડક આંદોલન કરશે.

### જિલ્લા કોંગ્રેસ મહામંત્રીએ મુખ્યમંત્રીને કરી રજુઆત

## લીલીયા મોટા તાલુકાનાં તમામ ગામોનાં ખેડૂતોને ધોવાણ સહાય આપવા માંગ

**ખેડૂતોને ન્યાય ન મળે તો આંદોલનની ચીમકી**

લીલીયા, તા. ૯

અમરેલી જિલ્લા કોંગ્રેસ મહામંત્રી નીતિનભાઈ ત્રિવેદી દ્વારા મુખ્યમંત્રીને લીલીયા તાલુકાના તમામ ગામોના ખેડૂતોને જમીન ધોવાણ સહાય આપવા પત્ર પાઠવ્યો જે પત્ર મારફત લીલીયા તાલુકાના ખેડૂતો હિત માટે ઉગ્ર રજૂઆત કરેલ છે કારણ કે ગત વર્ષમાં ચોમાસામાં લીલીયા તાલુકાના તમામ ગામોમાં ખેતીનું ધોવાણ થયેલ છે પાક સદંતર નિષ્ફળ ગયેલ છે ખેડૂતોને જીવન નિર્વાહમાં પણ મુશ્કેલી પડી રહી છે ત્યારે



માજી ધારાસભ્ય પ્રતાપભાઈ દ્વારા ખેડૂતોને સાથે રાખી ઉગ્ર રજૂઆત કરતા લીલીયા તાલુકાના ૧૦ જેટલા ગામોને સરકાર તરફથી સહાય મંજૂર કરેલ છે પરંતુ નુકસાની લીલીયા તાલુકાના ૩૭ ગામોમાં થયેલ છે ત્યારે તમામ ૩૭ ગામના ખેડૂતોને તાકીદે ધોવાણ સહાય આપવા પત્ર મારફત વિનંતી કરાય છે તેમજ જો માંગ સ્વીકારવામાં નહીં આવે તો ખેડૂતોને સાથે લઈને ઉગ્ર આંદોલન કરવાની પણ પત્ર મારફત ચીમકી આપવામાં આવેલ છે તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## આગામી ૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર સુધી વિવિધ સેવાકીય કાર્યો દ્વારા

# અમરેલી જિલ્લામાં પ્રધાનમંત્રીનાં જન્મદિન નિમિત્તે સેવા પખવાડિયુ ઉજવાશે

**મહારક્તદાન કેમ્પ, સર્વરોગ નિદાન કેમ્પ, જાહેર સ્થળોએ સ્વચ્છતા, મેરેથોન દોડ સહિતનાં કાર્યક્રમો યોજાશે**

**જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે આયોજન સબંધી મહત્વની બેઠક યોજાઈ**

**જુનાગઢ જિલ્લા ભાજપનાં પૂર્વ મહામંત્રી હિંમતભાઈ પડશાલાએ માર્ગદર્શન આપેલ**

**જિલ્લાનાં ઈન્ચાર્જ તરીકે ભૂપેન્દ્રભાઈ બસિયા, વિપુલ દુધાત સહિતને જવાબદારી સોંપાઈ**






અમરેલી, તા. ૯
દેશનાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનાં જન્મ દિવસ નિમિત્તે પ્રદેશ ભાજપની યોજના અનુસાર રાજયભરમાં સેવા પખવાડિયુ ઉજવવામાં આવશે. આ યોજના અંતર્ગત ભારતીય જનતા પાર્ટી ધ્વારા વિવિધ સેવા કાર્યોના આયોજનો કરવામાં આવશે. જેના ભાગરૂપે અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલયે આયોજનની બેઠક રાખવામાં આવેલ. આ બેઠકમાં જુનાગઢ જિલ્લા ભાજપનાં પૂર્વ મહામંત્રી અને પ્રદેશ ભાજપ અગ્રણી હિંમતભાઈ પડસાલાએ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું. જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીની અધ્યક્ષતામાં યોજાયેલ આ કાર્યશાળામાં જિલ્લા મંડળનાં પ્રમુખ-મહામંત્રી તેમજ સેવા પખવાડિયાનાં ઈન્ચાર્જ ઉપસ્થિત રહ્યા હતા.

આગામી તા. ૧૭મી સપ્ટેમ્બરથી ૨ જી ઓકટોબર સુધી જિલ્લામાં મહા રકતદાન કેમ્પ, સર્વ રોગ નિદાન કેમ્પ, જાહેર સ્થળોએ સ્વચ્છતા અભિયાન, મેરેથોન દોડ તેમજ બૌધ્ધિક સંમેલન સહિતના કાર્યક્રમો યોજવામાં આવશે. કાર્યક્રમનાં જિલ્લા ઈન્ચાર્જ તરીકે ભૂપેન્દ્રભાઈ બસિયા, મનોજભાઈ મહીડા, વિપુલભાઈ દુધાત તથા ચેતનભાઈ શિયાળને જવાબદારી સોંપવામાં આવી છે. તેમ જિલ્લા ભાજપની યાદીમાં જણાવ્યું છે.

## ખાખરીયાનાં સરપંચે મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

# બાબરાનાં ખાખરીયા સહિતનાં ગામોનો કૃષિ રાહત પેકેજ યોજનામાં સમાવેશ કરો

**તમામ પાકોમાં થયેલ નુકસાનીનું વળતર ચુકવો**

બાબરા, તા. ૯
બાબરાનાંખાખરીયાગામના સરપંચેમુખ્યમંત્રીનેપત્ર પાઠવેલછે.
પત્રમાં જણાવેલ છે કે, બાબરા તાલુકામાં ઓકટ-૨૦૨૪ના માસમાં થયેલ ભારે વરસાદના કારણે ખાખરીયા ગામમાં તેમજ બાબરા તાલુકાના તમામ ગામોમાં ખેતીના ઉભા પાકોને થયેલ નુકશાનીમાં બાબરા તાલુકાનારાહતપેકેજમાં અમુકગામોની બાદબાકીથયેલછેબાબરાતાલુકાના૫૭ ગામો પૈકીના ૧૫ ગામોનો જ સમાવેશ થયેલઆવેલહોયપરંતુહકિકતબાબરા તાલુકાનાદરેકગામોમાંમગફળી/કપાસ અનેઅન્યખેતીનાપાકોનેનુકશાનીથયેલ હતી. આ સહાય પેકેજ અધુરૂ હોય જેના કારણે બાકી રહેલા ખાખરીયા ગામનો તેમજ બાબરા તાલુકાના અન્ય ગામોના ખેડુતોને આ રાહત પેકેજમાં સમાવેશ કરવા અને સહાય મંજુર કરવી. ખેતીના અન્ય પાકોમાં નુકસાની હોવા છતા એક ગામમાંસહાયમળશેઅનેબાજુનાગામને સહાયથીવંચીતરહેવુ પડશેઆયોગ્યન કહેવાય આ રાહત પેકેજ સહાય બાબરા તાલુકાના બાકી રહેતા તમામ ગામોનો સમાવેશ કરવા અંતમાં માંગ કરેલ છે.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

આદુ-મરચાથી ભરપુર સ્પે. વાટીદાળના ખમણ તેમજ સ્પે. નાયલોન ખમણ મળશે
દાનગીગેવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, પટેલ બોર્ડીંગનાં ગેઈટની પાસે, અમરેલી.
મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧

શું તમારે દિવાળીમાં ગ્રાહકોને ભેટ આપવા વિચાર્યુ છે ?
તો આજે જ ઘનશ્યામ આર્ટની મુલાકાત લ્યો ...
ત્યાં તમને જોવા મળશે વિવિધ પ્રકારનાં ■ કેલેન્ડર ■ ૩૦૦ ઉપરાંત ડીઝાઈનની કિ-ચેઈન ■ ૩.૫ થી ૫૦ રૂપિયાની પ્રિન્ટ સાથે બોલપેન ■ મની પર્સ અવનવી વેરાયટી ચેક બુક, ATM કાર્ડ કવર ■ મોબાઈલ સ્ટેન્ડ ■ પેપર વેઈટ વગેરે અઢળક વેરાયટી માટે સંપર્ક કરો...
ઘનશ્યામ આર્ટ
કનુભાઈ જોષી Mo.94287 95274 Mo.93285 98100
૭, વંદના શોપિંગ, એસ.ટી.ડેપો, અમરેલી.

શું તમને સાંભળવાની તકલીફ છે ?
કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

લોકલ ફોર વોકલ ॥ જય પરશુરામ ॥ સુવિધા સાથે વિવિધતા
મહાજન કેટરર્સ MAHAJAN
ALL CATERING SOLUTIONS
EARLY MORNING BED TEA
BREAKFAST & SECOND BREAKFAST
WEL COME COLDRINKS - ELEVENSES
BRUNCH - LUNCH
AFTERNOON TEA & HIGH TEA
SUPPER - DINNER - LATE NIGHT SNAKES
હાર્દિક ત્રીવેદી
94 285 61 601
શ્યામ ટીવીએસ પાછળ, સ્ટેશન રોડ, અમરેલી.

Hero
નવરાત્રી પ્રી-બુકિંગ ઑફર્સ
ઘરે લઈ આવો હીરો
બુકિંગ શરૂ ₹5100* થી
વધારાનું કેશ ડિસ્કાઉન્ટ ₹1000*
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

Shreeji HOSPITAL
ડો. કાજલ બગડા M.S.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ, મસા, ભગંદર અને ફિસરની આયુર્વેદ અને આધુનિક પદ્ધતિથી રાહતદરે ઓપરેશનની સુવિધા
લાંબા સમયથી રૂઝાતા-ઘા, નાડીવણ અને કપાસી વગેરેમાં ક્ષારકર્મ, અગ્નિકર્મ અને જલોકા દ્વારા સારવાર
કાનની બુટ સાંધવામાં આવશે, ઈન્ફેકશનનાં કારણે પરૂ ભરાવું અકસ્માતથી થયેલા ઈજાની સારવાર
સ્તનની ગાંઠ અને શરીરના કોઈપણ ભાગમાં થયેલી ચરબીની ગાંઠની સારવાર
સ્થળ : ભીડભંજન મંદિરની પાસે, રાજકમલ ચોક, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

॥ વંદે માતરમ્ ॥
YAMAHA Revs Your Heart
જીજ્ઞેશ એજન્સી
YES! YAMAHA
Make an Impression fascino 125 Fi
SHANDAAR DUMDAAR MILEDAAR
It's fascino yaar
ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

GST DEDUCTION OFFER
તારીખ 22/09/2025 થી GST ઘટવાનો હોવાથી દરેક વાહન પર અંદાજીત
₹ 6000 /-*
સુધીનો ફાયદો મળશે
સ્ટોક લિમિટેડ હોવાથી ફૂલ પેમેન્ટથી બૂકિંગ કરી લેવું
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.

MARUTI SUZUKI ARENA
BREZZA
WICKEDLY POWERFUL
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

પિતૃઓના શ્રાદ્ધ નિમિતે...
શુધ્ધ ઘીમાં મોહનથાળ...
શુધ્ધ ઘીમાં બુંદી...
શુધ્ધ ઘીમાં મગીયા લાડુ...
વાટીદાળનાં ખમણ-પાત્રા...
માટે ઓર્ડર બુક કરાવો...
શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે. મસાલેદાર વાટીદાળના ખમણ હાજરમાં મળશે. ખજૂરની ચટણી સાથે...
શુધ્ધ ઘીમાં મઘમઘતાં... ચુરમાના લાડુ
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલ.

## સોશિયલ મીડિયા ફરી શરૂ થયા

# ૧૯ના મોત બાદ Gen-Zના વિરોધ સામે ઝૂકી નેપાળ સરકાર

### નેપાળના સંચાર, સૂચના અને પ્રસારણ પ્રધાન પૃથ્વી સુબ્બા ગુરુંગે જાહેરાત કરી હતી કે સરકારની કેબિનેટ બેઠક બાદ સોશિયલ મીડિયા પર પ્રતિબંધનો નિર્ણય પાછો ખેંચ્યો છે

કાઠમંડ, તા.૯

ભારતના પાડોશી દેશ નેપાળમાં સોશિયલ મીડિયા પર સરકારે લગાવેલા પ્રતિબંધના વિરોધમાં હિંસક પ્રદર્શનોને કારણે ભારેલા અગ્નિ જેવી પરિસ્થિતિ ઊભી થઈ હતી.હજારોની સંખ્યામાં Gen-Z યુવાનો રાજધાની કાઠમંડુના માર્ગો પર ઉતરી આવ્યા હતા અને પ્રદર્શનકારીઓ છેક નેપાળના સંસદ ભવનના પરિસરમાં પહોંચી ગયા હતા અને ભીડને નિયંત્રણમાં લેવા માટે પોલીસે આંસુ ગેસના ગોળા ફેંક્યા હતા.વિરોધ પ્રદર્શનમાં લગભગ 19 યુવાનોના મોત બાદ હવે સરકાર ઝૂકી છે અને સોશિયલ મીડિયા પરના પ્રતિબંધો હટાવવાનો નિર્ણય પાછો લીધો છે.નેપાળ સરકાર દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લગાવવામાં આવેલા પ્રતિબંધના વિરોધમાં થયેલા આક્રમક વિરોધ પ્રદર્શનમાં લગભગ 19 યુવાનોના મોત થયા હોવાના અહેવાલ છે, જ્યારે ઘાયલની સંખ્યા 300 પાર હોવાનો દાવો મીડિયા અહેવાલોમાં કરવામાં આવી રહ્યો છે.આક્રમક વિરોધ બાદ સરકાર દેશના યુવાનો સામે ઝૂકી છે અને સોશિયલ મીડિયા પરના પ્રતિબંધો પરત લેવાની જાહેરાત કરી હતી. નેપાળના સંચાર, સૂચના અને પ્રસારણ પ્રધાન પૃથ્વી સુબ્બા ગુરુંગે જાહેરાત કરી હતી કે સરકારની કેબિનેટ બેઠક બાદ સોશિયલ મીડિયા પર પ્રતિબંધનો નિર્ણય પાછો ખેંચ્યો છે.તેમણે આગળ જણાવ્યું હતું કે સૂચના મંત્રાલય સબંધિત એજન્સીને રાજધાની કાઠમંડુમાં સંસદની સામે મોટાપાયે વિરોધ પ્રદર્શન કરનારા Gen-z યુવાનોની માંગ અનુસાર સોશિયલ મીડિયા સાઈટોને પુનઃ શરૂ કરવાની પ્રક્રિયા શરૂ કરવા આદેશ આપવામાં આવ્યો છે. ત્રણ દિવસ પહેલા નેપાળ સરકારે ફેસબૂક, એક્સ, વ્હોટ્સએપ સહિત 26 સોશિયલ મીડિયા સાઈટો પર પ્રતિબંધ લગાવવાનો આદેશ આપ્યો હતો.સોશિયલ મીડિયા પરના પ્રતિબંધ હટાવવાના આદેશ બાદ પ્રધાને વિરોધ પ્રદર્શન સમાપ્ત કરવાની પણ અપીલ કરી હતી. સોમવારે રાતથી જ ફેસબૂક, વ્હોટ્સએપ સહિતની એપ શરૂ થઈ ગઈ હતી.સોમવારે હજારોની સંખ્યામાં Gen-Z યુવાનો રાજધાની કાઠમંડુના માર્ગો પર ઉતરી આવ્યા હતા અને પ્રદર્શનકારીઓ છેક નેપાળના સંસદ ભવનના પરિસરમાં પહોંચી ગયા હતા. આ ભીડને નિયંત્રણમાં લેવા માટે પોલીસે આંસુ ગેસના ગોળા ફેંક્યા હતા. હિંસક તોફાનોને અંકુશમાં લેવા માટે પ્રશાસને વધુ આક્રમક પગલાં ભર્યા હતા, જ્યારે આર્મીને પણ તહેનાત કરવામાં આવી હતી.સમાચાર સંસ્થાના અહેવાલ અનુસાર, પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચે થયેલા સંઘર્ષમાં 19 લોકોના મૃત્યુ થયા છે જ્યારે ઘાયલની સંખ્યા 300થી વધુ છે. નેપાળમાં વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ભારત-નેપાળ સરહદ પર સુરક્ષા વધારવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.સૂત્રોના જણાવ્યા અનુસાર, સશસ્ત્ર સીમા દળએ ભારત-નેપાળ સરહદ પર દેખરેખ વધારી દીધી હતી. SSB એ સુરક્ષા જવાનો અને સર્વેલન્સ વધારી દીધું હતું તેમજ નેપાળમાં થઈ રહેલા હિંસક પ્રદર્શનોને ધ્યાનમાં રાખીને, SSBએ તેની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) હેઠળ જવાનોને એલર્ટ રહેવા નિર્દેશ આપ્યો હતો.સરકારના કયા નિર્ણય સામે છે વિરોધ?આ વિરોધ પ્રદર્શન તાજેતરમાં જ સરકારે યુટ્યુબ, વોટ્સએપ સહીતના સોશિયલ મીડિયા પર પ્રતિબંધ લગાવ્યો હતો. સરકારનું કહેવું છે કે આ એપ્સ નેપાળમાં નોંધણી થયલી નથી અને આ માટે તેના પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.જો કે યુવાનો એટલે કે ખાસ કરીને Gen-Z પોતાને ડિજિટલ નાગરિક માની રહ્યા છે અને ઈન્ટરનેટ પરના પ્રતિબંધને પોતાની સ્વતંત્રતા પરની તરાપ માની રહ્યા છે.

## બી સુદર્શન રેડ્ડીને હરાવ્યા; ૪૫૨ મત મળ્યા

# સી.પી રાધાકૃષ્ણન બનશે દેશના નવા ઉપરાષ્ટ્રપતિ

### તેમણે ઈન્ડિયા બ્લોકના ઉમેદવાર અને સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ બી સુદર્શન રેડ્ડીને હરાવી દીધા છે

નવીદિલ્હી,તા.૯

ભારતની ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીમાં રાષ્ટ્રીય જનતાંત્રિક ગઠબંધન (NDA)ના ઉમેદવાર સી.પી રાધાકૃષ્ણને શાનદાર વિજય મેળવ્યો છે. NDA ઉમેદવાર અને મહારાષ્ટ્રના રાજ્યપાલ સી.પી. રાધાકૃષ્ણન કુલ ૪૫૨ મતો સાથે ભારતના ઉપરાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા છે. તેમણે ઈન્ડિયા બ્લોકના ઉમેદવાર અને સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ બી સુદર્શન રેડ્ડીને હરાવી દીધા છે.

ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીમાં રાષ્ટ્રીય જનતાંત્રિક ગઠબંધનના ઉમેદવાર સી.પી. રાધાકૃષ્ણને વિજય મેળવ્યો છે. આ ચૂંટણીમાં કુલ ૭૬૭ સાંસદોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. મતગણતરી દરમિયાન ૭૫૨ મતો માન્ય ગણાયા હતા, જ્યારે ૧૫ મતો અમાન્ય ગણાયા હતા. સી.પી. રાધાકૃષ્ણને ફર્સ્ટ પ્રેફરન્સના ૪૫૨ મતો મળ્યા, જ્યારે ઈન્ડિયા બ્લોકના ઉમેદવાર બી. સુદર્શન રેડ્ડીને ફર્સ્ટ પ્રેફરન્સના ૩૦૦ મતો મળ્યા. ચંદ્રપુરમ પોન્નુસામી રાધાકૃષ્ણન એક ભારતીય નેતા છે, તેઓ મહારાષ્ટ્રના રાજ્યપાલ છે. તે ભારતીય જનતા પાર્ટીના



સભ્ય હતા અને કોઈમ્બતૂરથી બે વાર લોકસભા માટે પસંદ કરવામાં આવ્યાં હતા.

તેઓ તમિલનાડુમાં ભારતીય જનતા પાર્ટીના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ પણ રહી ચૂક્યા છે.તમિલનાડુના તિરુપ્પુરમાં ૨૦ ઓક્ટોબર ૧૯૫૭માં જન્મેલા ચન્દ્રપુરમ પોનુસ્વામી રાધાકૃષ્ણન ભાજપના વરિષ્ઠ રહી ચૂક્યા છે અને હાલમાં તેઓ મહારાષ્ટ્રના રાજ્યપાલની જવાબદારી સંભાળી રહ્યાં છે. રાધાકૃષ્ણને પોતાની રાજકીય કારકિર્દીની શરૂઆત RSS અને જનસંઘથી કરી હતી. તેઓને ૧૯૯૮ અને ૧૯૯૯માં કોયમ્બતૂરથી લોકસભા સાંસદ પસંદ કરવામાં આવ્યાં હતા. તેઓ ૨૦૦૩થી ૨૦૦૬ સુધી તમિલનાડુ ભાજપ અધ્યક્ષ રહ્યાં.
સીપી રાધાકૃષ્ણન ફેબ્રુઆરી ૨૦૨૩થી જુલાઈ ૨૦૨૪ સુધી ઝારખંડના રાજ્યપાલ રહ્યાં હતા. આ ઉપરાંત માર્ચથી જુલાઈ ૨૦૨૪ સુધી તેલંગાણાનો વધારાનો ચાર્જ અને માર્ચથી ઓગસ્ટ ૨૦૨૪ સુધી પોંડીચેરી ઉપરાજ્યપાલનો વધારાનો ચાર્જ પણ સંભાળ્યો. ૩૧ જુલાઈ ૨૦૨૪થી તે મહારાષ્ટ્રના રાજ્યપાલ પદે છે.

ભાજપના તમિલનાડુ અધ્યક્ષ રહેતા તેમણે ૨૦૦૪-૨૦૦૭ દરમિયાન ૯૩ દિવસ સુધી રથયાત્રા કાઢી, જેનો ઉદ્દેશ્ય નદીઓને એકબીજા સાથે જોડવી, આતંકવાદ સામે જાગરૂકતા અને અસ્પૃશ્યતા નાબૂદી હતો. સંસદમાં તેઓ વસ્ત્ર ઉદ્યોગમાં સ્થાયી સમિતિના અધ્યક્ષ પણ રહ્યાં છે. સાથે જ તેઓએ ઘણી નાણાકીય અને સાર્વજનિક સમિતિઓમાં સક્રિય ભૂમિકા નિભાવી છે. તેમણે વીઓ ચિદંમ્બરમ કોલેજ, કોયમ્બતૂરમાંથી BBAની ડિગ્રી મેળવી છે.

## નવ મંત્રીના રાજીનામાં

# નેપાળમાં બાંગ્લાદેશ જેવી સ્થિતિ, PM ઓલી દુબઈ ભાગે તેવી અટકળો

### આંદોલનકારીઓના ઉગ્ર આંદોલનને પગલે નેપાળના વડાપ્રધાન કેપી શર્મા ઓલી દુબઈ પલાયન કરવાની તૈયારી કરી રહ્યા હોવાના અહેવાલ છે

નેપાળ, તા.૯

નેપાળના કાઠમંડુમાં ગઈકાલે શરૂ થયેલું ઘેહ ઢ આંદોલન વિકરાળ સ્વરૂપ લઈ રહ્યું છે. ગઈકાલે ૨૦ આંદોલનકારીઓના મોત બાદ રોષ ભભૂકી ઉઠ્યો છે. આજે મોટી સંખ્યામાં યુવાનોએ નેપાળના માહિતી સંચાર મંત્રીના નિવાસ સ્થાનને આગ ચાંપી હતી. નવ મંત્રીઓએ રાજીનામું આપી દીધુ છે. આંદોલનકારીઓના ઉગ્ર આંદોલનને પગલે નેપાળના વડાપ્રધાન કેપી શર્મા ઓલી દુબઈ પલાયન કરવાની તૈયારી કરી રહ્યા હોવાના અહેવાલ છે. જે બાંગ્લાદેશની શેખ હસીનાની સરકારને તોડી પાડવા અપનાવવામાં આવેલો હથકડો નેપાળમાં પણ અપનાવવામાં આવ્યો હોવાનો સંકેત આપે છે.નેપાળમાં મોટાભાગના વિસ્તારોમાં કરફ્યુ હોવા છતાં આંદોલનકારીઓએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રતિબંધ લાદવાનો આદેશ આપનારા અને તેમાં મહત્ત્વની ભૂમિકા ભજવનારા માહિતી સંચાર મંત્રી પૃથ્વી સુબ્બા ગુરુંગના ખાનગી નિવાસસ્થાનને આગ ચાંપી હતી. ઘટના બાદ પોલીસ તુરંત ફાયર બ્રિગેડની ગાડીઓ સાથે ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયરબ્રિગેડ દ્વારા આગ બૂઝાવવાનો અને બચાવ કામગીરી શરૂ કરાઈ હતી. આ આંદોલન સતત ઉગ્ર સ્વરૂપ ધારણ કરી રહ્યું છે. પૂર્વ વડાપ્રધાન પુષ્પ કમલના ઘરે પણ આગ ચાંપી હતી. જ્યારે પૂર્વ ડેપ્યુટી પીએમ રઘુવીર મહાસેઠના જનકપુર સ્થિત ઘર પર ઉપદ્રવીઓએ પથ્થરમારો કર્યો હતો.
નેપાળમાં હિંસક આંદોલનની અપડેટ્સઃઆંદોલનકારીઓએ ગૃહમંત્રી રમેશ લેખકના ઘરમાં તોડફોડ કરી આગ ચાંપી કીર્તિપુર નગરપાલિકા ભવનને આગ ચાંપી નેપાળના કોંગ્રેસ અધ્યક્ષ અને શાસક પક્ષના નેતા શેર બહાદુર દેઉવાના ઘરમાં આગચંપી, અનેક વાહનો તોડ્યા વડાપ્રધાન કેપી શર્મા ઓલી દુબઈ ભાગી જવાની તૈયારીમાં, હિમાલય એરલાઈન્સને સ્ટેન્ડબાય રહેવા આદેશઓલીના પક્ષના નેતા અને પૂર્વ નાયબ વડાપ્રધાન રઘુવીર મહાસેઠના ઘરે પથ્થરમારો લાલિતપુરમાં સીપીએન માઓવાદી અધ્યક્ષ પુષ્પ કમલ દહાલના નિવાસ પર હુમલો અને આગચંપી
ગૃહમંત્રી, કૃષિ મંત્રી, સ્વાસ્થ્ય મંત્રી સહિત કુલ નવ મંત્રીઓએ આપ્યા રાજીનામા PMના નિવાસ સ્થાન નજીક ગોળીબાર, ૨ ઘાયલ PM ઓલીના નિવાસ સ્થાન નજીક ગોળીબારની ઘટના બની છે. જેમાં બે લોકો ઈજાગ્રસ્ત થયા છે. બંનેને તાત્કાલિક ધોરણે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. વડાપ્રધાનના નિવાસ સ્થાન આસપાસ સુરક્ષા દળોની તૈનાતી વધારી દેવામાં આવી છે. કૃષિ મંત્રીએ આપ્યું રાજીનામું નેપાળના વડાપ્રધાન કેપી ઓલીની મુશ્કેલી સતત વધી રહી છે. ગૃહમંત્રી બાદ હવે કૃષિ મંત્રી રામનાથ અધિકારીએ પણ રાજીનામું આપી દીધુ છે. આ સિવાય સ્વાસ્થય મંત્રી પ્રદીપ પૌડેલે પણ રાજીનામું આપ્યું છે. સોમવારે હિંસક ઘટનાઓ અને સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા દમનના વિરોધમાં કૃષિ મંત્રીએ રાજીનામું આપ્યું હોવાનું જણાવ્યું છે. તેમનું રાજીનામું ઓલી સરકાર માટે મોટા ઝટકા સમાન છે. જેનાથી ઓલી પ્રત્યે અવિશ્વાસનું પ્રમાણ વધ્યું છે.
ભારતના વિદેશ મંત્રાલયે નેપાળમાં ચાલી રહેલા હિંસક આંદોલન મુદ્દે ચિંતા વ્યક્ત કરતાં એડવાઈઝરી જાહેર કરી છે. નેપાળમાં સ્થિત ભારતીયોને સાવચેતીના પગલાં લેવા તેમજ સરકારના આદેશોનું પાલન કરવા સૂચન કર્યું છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું કે, અમે નેપાળની પરિસ્થિતિ પર દેખરેખ રાખી રહ્યા છીએ. ઘણા યુવાનોએ આ આંદોલનમાં જીવ ગુમાવ્યા છે, તેનું અમને દુઃખ છે. અમને આશા છે કે, તમામ માગનો શાંતિથી ઉકેલ લાવવામાં આવે. ભારતીયોને વર્તમાન પરિસ્થિતિમાં સાવચેતી રાખવા સલાહ છે.નેપાળમાં હિંસક આંદોલન બાદ સરકારે સોશિયલ મીડિયા પર મૂકવામાં આવેલો પ્રતિબંધનો નિર્ણય આજે પાછો ખેંચ્યો હતો. તેમ છતાં ચારેકોર આંદોલન ચાલુ છે. ગઈકાલે ઓલી સરકારે જુઓ ત્યાં ઠાર કરોનો આદેશ આપી આંદોલનકારીઓ પર દમન ગુજાર્યો હોવાના આરોપ સાથે લોકો રસ્તા પર ઉતર્યા છે. પરિસ્થિતિને અંકુશમાં લેવામાં નિષ્ફળ રહેતાં ગૃહ મંત્રીએ રાજીનામું આપ્યું હતું. નેપાળમાં સોશિયલ મીડિયાની તમામ સેવાઓ પુનઃસ્થાપિત કરવામાં આવી છે. યુવાનોએ આ આંદોલન માત્ર સોશિયલ મીડિયા પર પ્રતિબંધોના કારણે શરૂ કર્યું નથી. પરંતુ તેઓ નેપાળમાં ચાલી રહેલા ભ્રષ્ટાચાર, અસમાનતા, બેરોજગારી જેવા મુદ્દાઓનો વિરોધ કરતાં આંદોલન છેડ્યું છે.

## નેપાળમાં બળવો

# નેપાળમાં ભીડે ડેપ્યુટી PMને દોડાવી-દોડાવીને માર્યા, વિદેશમંત્રી લોહીલુહાણ

### આર્મી ચીફ અશોક સિગ્ડેલે કે.પી. શર્મા ઓલીને વડાપ્રધાન પદ પરથી રાજીનામું આપવાનું કહ્યું હતું

નેપાળ, તા.૯

નેપાળમાં થઈ રહેલા હિંસક વિરોધ પ્રદર્શનો અને હિંસાની વચ્ચે, મંત્રીઓ પર હુમલાની ઘટનાઓ સતત સામે આવી રહી છે. પ્રદર્શનકારીઓએ કાઠમંડુમાં નેપાળના ડેપ્યુટીં સ અને નાણા મંત્રી બિષ્ણુ પ્રસાદ પૌડેલને દોડાવી-દોડાવીને માર્યો. નેપાળથી આવેલા એક વીડિયોમાં બિષ્ણુ પ્રસાદ પૌડેલ કાઠમંડુની એક ગલીમાં દેખાય છે, જ્યાં પ્રદર્શનકારીઓ તેમને ઘેરી વળે છે. તેઓ તેમને દોડાવવા લાગે છે અને એક પ્રદર્શનકારી લાત મારતા તેઓ નીચે પડી જાય છે. ત્યારબાદ, પ્રદર્શનકારીઓ તેમને પકડીને લઈ જાય છે.બિષ્ણુ પ્રસાદ પૌડેલ નેપાળના એક મોટા રાજનેતા છે. તેઓ કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ નેપાળ (યુએમએલ)ના ઉપાધ્યક્ષ છે. પૌડેલ તાજેતરમાં ત્રીજા દહલ મંત્રીમંડળમાં નાયબ વડાપ્રધાન અને નાણા મંત્રી રહ્યા હતા. આ પહેલા પણ તેઓ ઘણીવાર મહત્ત્વના મંત્રાલયોની જવાબદારી સંભાળી ચૂક્યા છે. તેઓ ૨૦૨૧માં નાયબ વડાપ્રધાન રહ્યા અને ગૃહ મંત્રાલય, ઉદ્યોગ મંત્રાલય, જળ મંત્રાલય અને સંરક્ષણ મંત્રાલય પણ સંભાળી ચૂક્યા છે. નાણા મંત્રાલય તેમણે બે વખત (૨૦૨૦-૨૧ અને ૨૦૧૫-૧૬) સંભાળ્યું છે. જળ મંત્રાલયની જવાબદારી તેમણે ૧૯૯૪-૯૯, ૨૦૦૮-૦૯ અને ૨૦૨૧માં પણ સંભાળી હતી.

નેપાળથી મળતી જાણકારી અનુસાર નેપાળના વડાપ્રધાન કે.પી. શર્મા ઓલીએ દેશના આર્મી ચીફ અશોક સિગ્ડેલ સાથે વાતચીત કર્યા બાદ રાજીનામું આપી દીધું છે. આર્મી ચીફ અશોક સિગ્ડેલે કે.પી. શર્મા ઓલીને વડાપ્રધાન પદ પરથી રાજીનામું આપવાનું કહ્યું હતું. આ પછી, ઓલીને પોતાનું પદ છોડવાની ફરજ પડી.
આ સમયે નેપાળમાં તણાવપૂર્ણ સ્થિતિ છે. વડાપ્રધાન કે.પી. શર્મા ઓલીના રાજીનામા બાદ નેપાળી સેના હવે મંત્રીઓને તેમના નિવાસસ્થાને સુરક્ષા આપવામાં લાગી છે. સેના હેલિકોપ્ટર દ્વારા મંત્રીઓને સુરક્ષિત સ્થાનો પર લઈ જઈ રહી છે. પ્રદર્શનકારીઓએ દેશભરમાં અનેક સ્થળોએ આગચંપી, હિંસા અને લૂંટફાટ કરી છે. ઘણા મંત્રીઓના ઘરો પર હુમલો કર્યો છે અને વરિષ્ઠ અધિકારીઓને નિશાન બનાવ્યા છે. આ પછી સેનાએ પરિસ્થિતિને નિયંત્રણમાં લેવાનું શરૂ કરી દીધું છે.

## ભારતીય ફ્લાઈટ્સ રદ, હેલ્પલાઇન નંબર જાહેર

# નેપાળમાં સ્થિતિ બેકાબૂ થતાં કાઠમંડુ એરપોર્ટ બંધ

### દિલ્હીથી કાઠમંડુ જતી AI2231/2232, AI2219/2220, AI217/218 અને AI211/212 ફ્લાઈટ રદ કરવામાં આવી છે

કાઠમંડુ, તા.૯

ભારતની ટોચની એરલાઈન એર ઈન્ડિયા અને ઈન્ડિગોએ નેપાળમાં ચાલી રહેલા હિંસક આંદોલનને ધ્યાનમાં લેતાં દિલ્હીથી કાઠમંડુ જતી ફ્લાઈટ કેન્સલ કરી છે. ભારત સરકારે પણ નેપાળમાં રહેતાં ભારતીયો તેમજ ભારતીય પ્રવાસીઓ માટે એડવાઈઝરી જાહેર કરી છે.એર ઈન્ડિયાએ કાઠમંડુની વર્તમાન સ્થિતિને ધ્યાનમાં લેતાં નિવેદન આપ્યું છે કે, દિલ્હીથી કાઠમંડુ જતી AI૨૨૩૧/૨૨૩૨, AI૨૨૧૯/૨૨૨૦, AI૨૧૭/૨૧૮ અને AI૨૧૧/૨૧૨ ફ્લાઈટ રદ કરવામાં આવી છે. એર ઈન્ડિયા ખાતે અમે અમારા પેસેન્જર અને ક્રૂ સભ્યોની સલામતીને પ્રાધાન્ય આપીએ છીએ. પરિસ્થિતિનું નજીકથી નીરિક્ષણ કરી રહ્યા છીએ. વધુ વિગતો અને માહિતી રજૂ કરતાં રહીશું. ઈન્ડિગોએ પણ સોશિયલ મીડિયા પોસ્ટ મારફત પોતાન કાઠમંડુથી દિલ્હી અને દિલ્હીથી કાઠમંડુ જતી ફ્લાઈટ રદ કરી હોવાનું જણાવ્યું છે. ઈન્ડિગોએ જણાવ્યું કે, પેસેન્જરને ફ્લાઈટનો વિકલ્પ તેમજ રિફંડ વેબસાઈટ પરથી પાછુ આપવામાં આવશે. અમે ગ્રાહકોને સત્તાવાર માધ્યમો સાથે જોડાયેલા રહેવા અપીલ કરીએ છીએ. પરિસ્થિતિ સામાન્ય થાય ત્યાં સુધી નેપાળની કોઈ ફ્લાઈટ ઓપરેટ કરવામાં આવશે નહીં.ભારતના વિદેશ મંત્રાલયે નેપાળમાં ભારતીયો માટે એડવાઈઝરી જાહેર કરી છે. નેપાળમાં રહેતાં ભારતીયોને સતર્ક રહેવા, બિનજરૂરી બહાર ન નીકળવા તેમજ સ્થાનિક અધિકારીઓના આદેશનું પાલન કરવા અપીલ કરી છે. નેપાળમાં કરફ્યુ વચ્ચે નેપાળમાં રહેતા અને નેપાળ ફરવા ગયેલા ભારતીયો માટે હેલ્પલાઈન નંબર પણ જાહેર કરવામાં આવ્યો છે. નેપાળમાં કોઈપણ પ્રકારની મદદ માટે ભારતીયો કાઠમંડુમાં સ્થિત ભારતીય એમ્બેસીનો સંપર્ક સાધી શકે છે. જેના હેલ્પલાઈન નંબર ૯૭૭-૯૮૦ ૮૬૦ ૨૮૮૧ અને ૯૭૭- ૯૮૧ ૦૩૨ ૬૧૩૪ છે. આ નંબર પર માત્ર વોટ્સએપ કોલિંગ જ થઈ શકશે. નેપાળમાં Gen-Z આંદોલને સરકાર ઉથલાવી દીધી છે. વડાપ્રધાન કેપી શર્મા ઓલી અંતે રાજીનામું આપવા મજબૂર બન્યા હતા. ઓલી સરકારના નવથી વધુ મંત્રીઓએ ધડાધડ રાજીનામા જાહેર કર્યા હતા. જો કે, ભ્રષ્ટાચાર વિરૂદ્ધ છેડાયેલું આ આંદોલન અટકવાનું નામ લઈ રહ્યુ નથી. આંદોલનકારીઓએ સંસદને આગ ચાંપી હતી. ડેપ્યુટી પીએમ સહિત અનેક મંત્રીઓને દોડાવી-દોડાવીને માર્યા હતા. ઉલ્લેખનીય છે, નેપાળની આર્થિક સ્થિતિ ભૂકંપની દુર્ઘટના બાદ સતત વણસી છે. નેપાળ વાસીઓ બેરોજગારી, ભ્રષ્ટાચાર, ગરીબીનો સામનો કરી રહ્યા છે, બીજી તરફ રાજકારણીઓ ઠાઠમાઠનું જીવન જીવી રહ્યા હોવાથી યુવાનોમાં રોષની જ્વાળા ભભૂકી ઉઠી હતી. ગઈકાલે શરૂ થયેલા આ આંદોલનમાં ૨૦ યુવાનના મોત થયા હતા. જ્યારે ૩૦૦ લોકો ઘાયલ થયા હતા.

## દિલ્હી એઇમ્સને મોટી સફળતા મળી

# એઇમ્સમાં પ્રથમ વખત ભ્રૂણ દાન થયું મેડિકલ ક્ષેત્રમાં સંશોધનમાં મદદ મળશે

### ૩૨ વર્ષીય વંદના જૈનને પાંચમાં મહિનામાં જ ગર્ભપાત થઇ ગયો હતો. જેને પગલે બાદમાં વંદના અને પરિવારના અન્ય લોકોએ ભ્રૂણનું દાન કરવાનો નિર્ણય લીધો હતો

નવીદિલ્હી, તા.૯

દિલ્હી એઈમ્સને મોટી સફળતા મળી છે. એઈમ્સને પ્રથમ વખત ભ્રૂણ દાન મળ્યું છે. ૩૨ વર્ષીય વંદના જૈનને પાંચમાં મહિનામાં જ ગર્ભપાત થઈ ગયો હતો. જેને પગલે બાદમાં વંદના અને પરિવારના અન્ય લોકોએ ભ્રૂણનું દાન કરવાનો નિર્ણય લીધો હતો. અને આ ભ્રૂણને મેડિકલ ક્ષેત્રમાં વધુ પરીક્ષણ કે સંશોધન માટે દિલ્હીની એઈમ્સને દાન કરી દેવામાં આવ્યું હતું.

ભ્રૂણને દાન કરવાનો નિર્ણય લઈ લીધા બાદ દિલ્હીમાં દેહદાન માટે કામ કરતી એક સમિતિનો વંદના અને તેના પરિવાર દ્વારા સંપર્ક કરવામાં આવ્યો. બાદમાં આ સમિતિએ તુરંત જ દિલ્હી એઈમ્સના અધિકારીઓ અને ડોકટરોનો સંપર્ક કર્યો. એઈમ્સના એનાટોમી વિભાગના ડો. એસ. બી. રાય અને તેમની ટીમ સાથે વાતચીત થઈ. ટીમના સહયોગથી બાદમાં તમામ દસ્તાવેજી પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવી. પરિવારે દાન આપવા માટે સવારે આઠ વાગ્યે સંપર્ક કર્યો હતો. જ્યારે તેની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આખો દિવસ લાગી ગયો હતો અને સાંજે સાત વાગ્યે એઈમ્સે પોતાનું પ્રથમ ભ્રૂણ દાન સ્વીકાર કર્યું હતું. ભ્રૂણ દાન આવનારા સમયમાં નવા સંશોધન અને મેડિકલ ક્ષેત્રે શિક્ષણ માટે એક મોટો આધાર માનવામાં આવે છે. એઈમ્સના એનાટોમી વિભાગના પ્રોફેસર ડો. સુબ્રત બાસુએ આ અંગે વધુ જાણકારી આપતા મીડિયાને જણાવ્યું હતું કે માનવ શરીરનો વિકાસ કેવી રીતે થાય છે તે જાણવા માટે ભ્રૂણનું પરીક્ષણ ઘણુ જ જરૂરી છે.

સંશોધનમાં અમને એ જાણવા મળે છે કેવી રીતે શરીરના અલગ અલગ અંગો અલગ અલગ સમયે વિકસિત થાય છે. આ પ્રકારના સંશોધન મેડિકલ વિદ્યાર્થીઓ અને વૈજ્ઞાનિકોને ઉંડાણપૂર્વક અભ્યાસ કરવામાં મદદરૂપ થાય છે. બાળકની આશા ધરાવતા પરિવારમાં પણ ભ્રૂણ દાનથી સમાજને મદદરૂપ થયાનો સંતોષ જોવા મળ્યો હતો.

## નિરમંડ વિકાસ ખંડની ઘાટૂ પંચાયતમાં ભારે ભૂસ્ખલન થયું

# કુલ્લૂમાં ફરી ભૂસ્ખલન, એક જ પરિવારના ૫ વ્યક્તિઓના મોત

### આ દુર્ઘટનામાં શિવરામ અને તેમના ભાઈ ધર્મદાસ તથા ધર્મદાસની પત્ની કલાદેવી ત્રણેય ઘાયલ થયા છે

હિમાચલ પ્રદેશ, તા.૯

હિમાચલ પ્રદેશમાં હવામાન ખુલ્યા બાદ પણ વાદળ ફાટવાની અને ભૂસ્ખલન થવાની ઘટનાઓ હજુ પણ બની રહી છે. ગઈ રાત્રે નિરમંડ ઉપમંડળના શર્માની ગામમાં થયેલા ભારે ભૂસ્ખલનને કારણે તબાહી મચાવી દીધી. અહીં, એક ઘરમાં સૂતા પરિવાર પર ભૂસ્ખલન થવાથી તેઓ કાટમાળ નીચે દટાઈ ગયા. એક જ પરિવારના પાંચ સભ્યોના મોત થયા. આ ઘટનામાં પરિવારના અન્ય ત્રણ સભ્યો ઘાયલ થયા હતા, જેમને નિર્મંદમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ રામપુરની ખાનેરી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા.

મળતી માહિતી પ્રમાણે કુલ્લુ જિલ્લાના નિરમંડ વિકાસ ખંડની ઘાટૂ પંચાયતમાં ભારે ભૂસ્ખલન થયું છે. ભૂસ્ખલનના કારણે શર્માણી ગામમાં આવેલ એક ઘર જમીનદોઝ થઈ ગયું. આ દુર્ઘટનામાં એક જ પરિવારના ૮ લોકો કાટમાળ નીચે દટાઈ ગયા હતા. જેમાં એક જ પરિવારના ૫ લોકોના મોત નીપજ્યા હતા. જ્યારે પરિવારના ત્રણ અન્ય સભ્યોને ગ્રામજનો દ્વારા સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. પીડિતો ધર્મદાસ અને શિવરામના પરિવારો આ મકાનમાં રહેતા હતા. શિવરામ પોતે ઈજાગ્રસ્ત થયા છે, પરંતુ તેમના સમગ્ર પરિવારે આ દુર્ઘટનામાં જીવ ગુમાવવો પડ્યો.શિવરામની પત્ની તૃપ્તા દેવી, પુત્ર ચુન્ની લાલ, વહુ અંજના કુમાર, સાત વર્ષની પૌત્રી જાગૃતિ અને પાંચ વર્ષનો પૌત્ર ભોપેશ દરેકના કાટમાળ નીચે દટાઈ જવાથી મોતને ભેટ્યા છે. આ દુર્ઘટનામાં શિવરામ અને તેમના ભાઈ ધર્મદાસ તથા ધર્મદાસની પત્ની કલાદેવી ત્રણેય ઘાયલ થયા છે. ધર્મદાસનો પુત્ર ઘરે ન હોવાથી તે દુર્ઘટનાથી બચી ગયો.મળતી માહિતી પ્રમાણે ગઈકાલે રાત્રે આશરે બે અઢી વાગ્યે ઘાટૂ પંચાયતના શર્માની ગામમાં પહાડ પરથી એકાએક ભારે માત્રામાં માટીઓ ધસીને નીચે પડવા લાગી. જેના કારણે બંને ભાઈઓના ઘરો જમીનદોસ્ત થઈ ગયા. ભૂસ્ખલનમાં ઘરમાં ઊંઘતા પરિવારમાંના પાંચ સભ્યો માટી હેઠળ દટાઈ ગયા. ગ્રામજનો દ્વારા તરત જ રાહત કામગીરી શરૂ કરવામાં આવી અને ગુમ થયેલા લોકોની શોધખોળ હાથ ધરાઈ. લાંબા સમય પછી એક શબ મળ્યું, બાદમાં આશરે છ કલાક ચાલેલા શોધખોળ દરમિયાન બાકીના ચાર મૃતદેહો પણ બહાર કાઢવામાં આવ્યા.

# નેપાળના પૂર્વ વડાપ્રધાન ઝાલનાથના ઘરમાં તોડફોડ બાદ આગચંપી, પત્ની જીવતા ભૂંજાતા મોત

### આંદોલનકારોએ તેમને ઢોર માર માર્યો હતો બાદમાં આગ ચાંપી હતી

કાઠમંડુ, તા.૯

નેપાળમાં ચાલી રહેલી હિંસક ઘટનાઓ વચ્ચે દેશનું રાજકીય ચિત્ર ઝડપથી બદલાઈ રહ્યું છે. નેપાળના વડાપ્રધાન કે.પી. શર્મા ઓલીએ વડાપ્રધાન પદેથી રાજીનામું આપ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, તેમને સેનાના હેલિકોપ્ટરમાં સુરક્ષિત સ્થળે લઈ જવામાં આવ્યા છે. નેપાળની સ્થિતિ ખૂબ જ વણસી ગઈ છે. પ્રદર્શનકારીઓએ નેપાળની ફેડરલ સંસદને આગ ચાંપી દીધી છે. એટલું જ નહીં પ્રદર્શનકારીઓએ કે.પી. શર્મા ઓલીના નિવાસસ્થાને, રાષ્ટ્રપતિ ભવન, નેપાળી કોંગ્રેસ પાર્ટીના કાર્યાલયમાં પણ આગ ચાંપી દીધી છે.એવામાં હાલ નેપાળથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. નેપાળના પૂર્વ વડાપ્રધાનના પત્નીનું નિધન થયું છે. સ્થાનિક મીડિયાના જણાવ્યા અનુસાર, પ્રદર્શનકારીઓએ પૂર્વ વડાપ્રધાન ઝાલાનાથ ખનાલના ઘરને આગ ચાંપી દીધી હતી. આ દરમિયાન તેમના પત્ની રાજ્યલક્ષ્મી ચિત્રકાર ઘરમાં હતા. તેઓ ગંભીર રીતે દાઝી ગયા હતા. જેથી તેઓને તાત્કાલિક કીર્તિપુર બર્ન હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમનું સારવાર દરમિયાન નિધન થયું છે.

ગુસ્સે ભરાયેલા પ્રદર્શનકારીઓએ નેપાળના પૂર્વ વડાપ્રધાન શેર બહાદુર દેઉબાને ઘરમાં ઘૂસીને માર માર્યો હતો. એટલું જ નહીં, પ્રદર્શનકારીઓએ તેમના પત્નીને પણ માર માર્યો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે, લાલઘૂમ થયેલા પ્રદર્શનકારીઓએ સિંહ દરબાર પરિસરમાં આ નેતાઓને માર માર્યો હતો. તો નાણામંત્રી વિષ્ણુ પૌડેલને કાઠમંડુમાં તેમના ઘર નજીક દોડાવી દોડાવીને મારવામાં આવ્યા હતા. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં એક આંદોલનકારી વિષ્ણુ પૌડેલની છાતી પર લાત મારતો જોવા મળે છે.

# ભારતના ઉદયને તાકાત આપવા માટે આત્મનિર્ભરતા જરૂરી : પીએમ મોદી

નવી દિલ્હી, તા.૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઘરઆંગણે બનતી પેદાશોને પ્રોત્સાહન આપવા માટે 'સ્વદેશી મેળા'નું આયોજન કરવા એનડીએ સાંસદે સત્તારૂઢ એનડીએના સાંસદોને આહ્વાન કર્યું છે. એટલું જ નહિ આ ચળવણને લોકો સુધી પહોંચાડવાનો નિર્ધાર પણ તેમણે વ્યક્ત કર્યો હતો. મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતના ઉદય માટે આત્મનિર્ભરતા જ એક માર્ગ છે. એના થકી જ પડકારોનો સામનો કરી શકાશે. ઉપપ્રમુખની ચૂંટણીના એક દિવસ અગાઉ સાંસદોને સંબોધતાં મોદીએ ભારતમાં બનાવેલા ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાની અને GST દરમાં ઘટાડાની વ્યાપક અસર લોકો સુધી પહોંચાડવાની જરૂરિયાત પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. જે માટે સાંસદો તેમના મતવિસ્તારમાં લોકો અને વેપારીઓ સાથે બેઠકો યોજે અને તેમને તેમની સમજ આપે. હવે નવરાત્રિ અને દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને તેની તાતી જરૂર હોવાનું મોદીએ કહ્યું હતું.કેન્દ્રીય મંત્રી કિરન રિજિજુએ પછીથી કહ્યું હતું કે મોદીએ કોઈ દેશનો ઉલ્લેખ કર્યો નહતો. તેમણે માત્ર આત્મનિર્ભરતાની જરૂરિયાત પર ભાર મુક્યો હતો. ભારત જ્યારે એક મજબૂત રાષ્ટ્ર તરીકે ઊભરી રહ્યો છે ત્યારે કેટલાક પડકારો આવશે જ. એક વિકસિત રાષ્ટ્ર બનવા આત્મનિર્ભરતાની જરૂર છે. ઉલ્લેખનીય છે કે અમેરિકાના ૫૦ ટકા ટેરિફ લાદવાના નિર્ણય બાદથી વડાપ્રધાન 'સ્વદેશી' પર ભાર મુકી રહ્યા છે. મોદીએ તાજેતરમાં પસાર થયેલા ઓનલાઈન ગેમો અંગેના કાયદાની હકારાત્મક અસર અંગે લોકોને જાણ કરવાની હિમાયત કરી હતી.

### પોલીસ બેડામાં ખળભળાટ

# PM મોદીના પ્રવાસ વચ્ચે નરચૌક હોસ્પિટલમાં બ્લાસ્ટ કરવાની ધમકી આપતો મળ્યો ઇમેલ

## કોલેજમાં ત્રણ બોમ્બ મુકવામાં આવ્યા છે તમામ વિદ્યાર્થીઓ અને દર્દીઓને બહાર કાઢી લો

હિમાચલ પ્રદેશ, તા.૯

હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદના કારણે સર્જાયેલી તારાજીનું પીએમ મોદી હવાઈ નિરિક્ષણ કરી રહ્યા છે. મંડી જિલ્લાના નરચૌકમાં સ્થિત શ્રી લાલ બહાદુર શાસ્ત્રી મેડિકલ કોલેજ અને હૉસ્પિટલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી અપાઇ છે.

પીએમ મોદી હિમાચલ પ્રદેશનું હવાઈ નિરિક્ષણ કરી રહ્યા છે. ત્યારે એવામાં બોમ્બ બ્લાસ્ટની ધમકી આપવામાં આવતા સમગ્ર પોલીસ બેડામાં ખળભળાટ જોવા મળ્યો છે. ઈમેલ દ્વારા હૉસ્પિટલને ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે. મંડી જિલ્લામાં શ્રી લાલ બહાદુર શાસ્ત્રી મેડિકલ કોલેજ અને ચંબા મેડિકલ કોલેજને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે. તંત્રે આ મામલે સતર્કતા દાખવી છે. અને પોલીસે તપાસ હાથ ધરી છે.

તંત્રને જે ઈમેલ મોકલવામાં આવ્યો છે તેમાં લખ્યુ છે કે, કોલેજમાં ત્રણ બોમ્બ મુકવામાં આવ્યા છે. તમામ વિદ્યાર્થીઓ અને દર્દીઓને બહાર કાઢી લો. ઈમેલમાં તમિલનાડુની અન્ના યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તમિલનાડુના આરજીજીઈસી મેડિકલ કોલેજ અને સીએમ સચિવાલયમાં બોમ્બ બ્લાસ્ટની ચેતાવણી આપવામાં આવી છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યુ છે કે, આ અઈમેલ ભૂલથી મોકલવામાં આવ્યો છે.અગાઉ પણ હિમાચલ પ્રદેશના સચિવાલય, હાઈકોર્ટ, ડીસી મંડીના ઓફિસ સહિત પ્રદેશના કેટલાક પ્રમુખ સરકારી સંસ્થાનોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. પોલીસે તમામ સ્થળોને તપાસ કરાવી હતી. પરંતુ કોઈ શંકાસ્પદ વસ્તુઓ ન મળતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો. પોલીસ માટે મોટો પડકાર એ છે કે હજુ સુધી આ લોકો નથી પકડાયા જેઓ ધમકીભર્યા ઈમેલ મોકલે છે.

### રૂ. ૧૫૦૦ કરોડનું વળતર જાહેર

# PM મોદીએ હિમાચલ પ્રદેશના પૂરગ્રસ્ત વિસ્તારનો હવાઈ સરવે કર્યો

## વડાપ્રધાન મોદીએ મૃતકોના પરિવારજનોને રૂ. ૨-૨ લાખની સહાય અને ઈજાગ્રસ્તોને રૂ. ૫૦,૦૦૦ની સહાય આપવાની જાહેરાત કરી છે

શિમલા, તા.૯

હિમાચલ પ્રદેશમાં આભ ફાટતાં સર્જાયેલી કુદરતી આફતનો હવાઈ સરવે કર્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પૂર પ્રભાવિત ક્ષેત્રો માટે રૂ. ૧૫૦૦ કરોડની નાણાકીય સહાય જાહેરાત કરી છે. વડાપ્રધાન મોદીએ મૃતકોના પરિવારજનોને રૂ. ૨-૨ લાખની સહાય અને ઈજાગ્રસ્તોને રૂ. ૫૦,૦૦૦ની સહાય આપવાની જાહેરાત કરી છે.

વડાપ્રધાન મોદીએ પૂર પ્રભાવિત વિસ્તારોમાં પીડિત પરિવારજનો સાથે મુલાકાત કરી સંવેદના વ્યક્ત કરી હતી. તેમજ તેમને સંભવિત તમામ મદદ કરવાનું આશ્વાસન આપ્યું હતું. વડાપ્રધાને એનડીઆરએફ, એસડીઆરએફ અને આપત્તિ નિવારણ સ્વયંસેવકોની પણ મુલાકાત કરી તેમની રાહત-બચાવ કામગીરીને બિરદાવી હતી. ગગ્ગલ એરપોર્ટ પર પીએમએ મંડીના સરાજની ૧૧ માસની નીતિકાના પરિવાર સાથે મુલાકાત કરી હતી. નીતિકાના બા, માતા અને પિતા પૂરમાં તણાઈ ગયા હતા. વડાપ્રધાન મોદીએ પોતાના X એકાઉન્ટ પર દુઃખ વ્યક્ત કરતાં કહ્યું કે, હિમાચલ પ્રદેશમાં ભારે પૂર અને ભૂસ્ખલનના કારણે અમુક લોકો સાથે વાતચીત કરવામાં આવી છે. તેમની પીડા, અને નુકસાન મનને હચમચાવી નાખે તેવી છે. ખરાબ હવામાનના સંકટનો સામનો કરી રહેલા દરેક વ્યક્તિ સુધી રાહત અને સહાયતા પહોંચાડવા માટે અમે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છીએ. પીએમ મોદીએ કાંગડાના પુર પ્રભાવિત વિસ્તારોમાં હવાઈ મુલાકાત લીધી હતી. બાદમાં તેઓ કાંગડાના ગગ્ગલ એરપોર્ટ પર પહોંચ્યા હતા. જ્યાં મુખ્યમંત્રી સુખવિન્દરસિંહ સુખુ, રાજ્યપાલ શિવપ્રતાપ શુક્લ, અને વિપક્ષ નેતા જયરામ ઠાકુર સહિત અન્ય નેતાઓ સાથે મુલાકાત કરી હતી.

હિમાચલ પ્રદેશ આપત્તિ નિવારણ તરફથી ૯ સપ્ટેમ્બર સુધીનો રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. ૨૦ જૂનથી ચોમાસુ શરૂ થયુ હતું. રાજ્યમાં ભારે વરસાદ અને ભૂસ્ખ્લનના કારણે ૩૬૬ લોકોના મોત નીપજ્યા હતા. ૪૧ લોકો ગુમ થયા અને ૪૨૬ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આફતના કારણે ૬૩૦૧ મકાન ધરાશાયી થયા હતા.૧૯૯૧ ઢોર-ઢાંખર અને ૨૬૯૫૫ પોલ્ટ્રી બર્ડ્સ તણાયા છે. અત્યારસુધી હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદના કારણે સર્જાયેલી કુદરતી આફતમાં રૂ. ૪૦૮૦ કરોડથી વધુનું નુકસાન થયુ હોવાનો અંદાજ છે. ઉલ્લેખનીય છે, છેલ્લા ત્રણ વર્ષમાં હિમાચલ પ્રદેશે ચોમાસાની સીઝનમાં ૧૭ હજાર કરોડનું નુકસાન ભોગવ્યું છે.

### અગાઉ ૧૬ જુલાઈએ શાળા ફાળવણી કરાઈ હતી

# શિક્ષણ સહાયક ભરતી ૨૦૨૫ અંતર્ગત ૫૩૨ ઉમેદવારોનું વેઈટિંગ લિસ્ટ જાહેર કરાયું

## ખાલી જગ્યાઓ પર આગામી સમયમાં શાળા પસંદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે

ગાંધીનગર,તા.૯

રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક સ્ટાફની ભરતી પસંદગી સમિતિ દ્વારા તારીખ ૦૪/૦૯/૨૦૨૫ના રોજ સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી વર્ષ-૨૦૨૪ અંતર્ગત કુલ-૨૮૬ ઉમેદવારોનું વેઈટીંગ લિસ્ટ શિક્ષણ વિભાગની વેબસાઈટ પર જાહેર કરવામાં આવ્યું છે. આમ કુલ ૫૩૨ ઉમેદવારોનું વેઈટિંગ લિસ્ટ જાહેર કરાયું છે.

આજથી રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી વર્ષ-૨૦૨૪ અંતર્ગત કુલ-૫૩૨ ઉમેદવારોનું વેઈટીંગ લિસ્ટ શિક્ષણ વિભાગની વેબસાઈટ પર જાહેર કરવામાં આવ્યું છે. ખાલી જગ્યાઓ પર આગામી સમયમાં શાળા પસંદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જેની સંબંધિતોએ નોંધ લેવા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક સ્ટાફની ભરતી પસંદગી સમિતિ ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે, અગાઉ સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી-૨૦૨૪ અન્વયે તા.૧૬/૦૭/૨૦૨૫ના રોજ કામચલાઉ શાળા ફાળવણી જાહેર કરી હતી. બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી-૨૦૨૪ અન્વયે તા.૦૯/૦૭/૨૦૨૫ના રોજ ખાલી જગ્યાઓ અપડેટ કરવામાં આવી હતી. બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી-૨૦૨૪ અન્વયે તા.૦૯/૦૭/૨૦૨૫ના રોજ પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ જાહેર કરાયું હતું. જેમાં સામેલ ઉમેદવારો તા.૦૯/૦૭/૨૦૨૫ થી તા.૧૩/૦૭/૨૦૨૫ના રોજ શાળા પસંદગી કરવા જણાવાયું હતું.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ભ્રષ્ટાચાર મુદ્દે કોંગ્રેસનો દેખાવ

રાજકોટ,તા.૯

ગુજરાતમાં શિક્ષણ બચાવો આંદોલન લઈને મંગળવારે (નવમી સપ્ટેમ્બર) કોંગ્રેસના કાર્યકર્તાઓ દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કેમ્પસમાં દેખાવ કર્યો હતો. પોલીસ બંદોબસ્ત વચ્ચે કુલપતિ ડૉ. ઉત્પલ જોશી પોતે આવેદન સ્વીકારવા માટે આવ્યા હતા, પરંતુ નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓફ ઈન્ડિયા (NSUI)ના કાર્યકર્તાઓએ મુખ્ય બિલ્ડિંગમાં પ્રવેશવાનો પ્રયત્ન કરતા પોલીસ સાથે ઘર્ષણ થયું હતું. આ દરમિયાન કોંગ્રેસ કાર્યકરો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. જેથી પોલીસે કોંગ્રેસ અને એનએસયુઆઈના કાર્યકર્તાઓની અટકાયત કરી હતી.

મળતી માહિતી અનુસાર, રાજકોટની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં શિક્ષણ વિભાગના ભ્રષ્ટાચાર મુદ્દે કોંગ્રેસ દ્વારા દેખાવ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન કુલપતિ ડૉ. ઉત્પલ જોશી આવેદન આપતા NSUI ના કાર્યકર્તાઓએ મુખ્ય બિલ્ડિંગમાં બળજબરીથી પ્રવેશવાનો પ્રયાસ કરતા મુખ્ય દરવાજાનો કાચ તૂટી ગયો હતો. કોંગ્રેસ, NSUIના કાર્યકર્તાઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. જેથી પોલીસે કોંગ્રેસ અને NSUIના ૫૦ જેટલા કાર્યકર્તાઓની ટીંગાટોળી કરી અટકાયત કરી હતી.

કોંગ્રેસના કાર્યકર્તાઓએ જાણાવ્યું હતું કે, 'અમારા પર લાઠી ચાર્જ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓના હિત માટે અને લડી રહ્યા છીએ, બેફામ માર મારી અમારી અટકાયત કરી કરવામાં આવી છે. અમારો અવાજ દબાવાશે તો ઉગ્ર આંદોલન કરીશું.'

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ભ્રષ્ટાચાર અંગે કોંગ્રેસના કાર્યકર્તાઓએ જાણાવ્યું હતું કે, 'સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ૧૦ કરોડ રૂપિયાના ખર્ચે હોલ ૧૦ વર્ષે પણ તૈયાર થતો નથી. દાતાઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને જમીન આપી છે, પરંતુ તેની આજુબાજુ દબાણ જોવા મળે છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કેમ્પસની આજુબાજુ ડ્રગ્સ જેવા દૂષણોનો કાળો કારોબાર ચાલે છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પ્રવેશ, પરીક્ષા, પરિણામ અને ડિગ્રીમાં ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે. આ ઉપરાંત કાયમી ભરતીના બદલે કોન્ટ્રાક આધારિત ભરતી કરવામાં આવે છે જેને વિષયનું કોઈ જ યાદ હોતું નથી જેને કારણે પરીક્ષાના પરિણામ મોડા જાહેર થાય છે અને અનેક છબરડાઓ સામે આવે છે.'

### ભારે વરસાદથી રોડ રસ્તાને નુકસાન

# માઉન્ટ આબુમાં ત્રણ દિવસ પ્રવાસીઓ પર પ્રતિબંધ લગાવાયો

## નાયબ કલેક્ટરે સમગ્ર સ્થિતિની સમીક્ષા કરી હતી તેમણે તાત્કાલિક રસ્તાઓ રીપેર કરવા સૂચના આપી હતી

રાજસ્થાન, તા.૯

માઉન્ટ આબુમાં છેલ્લા ૩૦ કલાકમાં ૧૨ ઈંચ વરસાદ ખાબક્યો છે. ત્યાં ફસાયેલા પર્યટકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે. ભારે વરસાદને કારણે આબુના રસ્તાઓ ખરાબ થઈ ગયાં છે. આબુના નાયબ જિલ્લા કલેક્ટરે ઈમર્જન્સી બેઠક બોલાવી હતી ત્યાર બાદ તેમણે ત્રણ દિવસ સુધી પ્રવાસીઓ પર પ્રતિબંધ મુકી દીધો હતો. આબુમાં રસ્તાઓ ખરાબ થઈ જવાને કારણે ભારે વાહનોની અવર જવર પર પણ પ્રતિબંધ ફરમાવી દેવાયો હતો. નાયબ કલેક્ટરે સમગ્ર સ્થિતિની સમીક્ષા કરી હતી. તેમણે તાત્કાલિક રસ્તાઓ રીપેર કરવા સૂચના આપી હતી.

માઉન્ટ આબુમાં મુશળધાર વરસાદને કારણે ધૂમ વિસ્તારમાં રોડનો ભાગ તૂટી ગયો હતો. પાણીના ફોર્સને કારણે રોડ તૂટ્યો હતો. જેથી આ રોડ પર તંત્ર દ્વારા વાહનવ્યવહાર બંધ કરી દેવાયો હતો. બીજી તરફ ભારે વરસાદ અને પાણીના પ્રવાહને કારણે આબુમાં રોડ અને રસ્તા તૂટી ગયા હતાં. રસ્તા તૂટી જવાથી વાહન વ્યવહારને અસર પહોંચી હતી. સમગ્ર સ્થિતિ અંગે આબુના નાયબ કલેક્ટરે એક ઈમર્જન્સી મીટિંગ બોલાવી હતી. જેમાં તેમણે પ્રવાસીઓને સુરક્ષિત રીતે બહાર કાઢવા અને રોડ રસ્તાના તાત્કાલિક રીપેરિંગ માટે તંત્રના અધિકારીઓને આદેશ કર્યો હતો. ત્રણ દિવસ સુધી રસ્તાનું રિપેરિંગ ચાલશે. ત્યાં સુધી પ્રવાસીઓ પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે.

### સરકાર તરફથી ચાર લાખ રૂપિયાની સહાય અપાઇ રહી છે

# રાજસ્થાન અને પંજાબ બાદ હવે હરિયાણામાં પૂરની સ્થિતિ

## હરિયાણામાં વરસાદની ઘટનામાં વધુ ૧૨ લોકોએ જીવ ગુમાવ્યો હતો

શ્રીનગર, તા.૯

ઉત્તરાખંડ, હિમાચલ, જમ્મુ કાશ્મીર, રાજસ્થાન અને પંજાબ બાદ હવે હરિયાણામાં પૂરની સ્થિતિ છે.

હરિયાણામાં વરસાદની ઘટનામાં વધુ ૧૨ લોકોએ જીવ ગુમાવ્યો હતો. મુખ્યમંત્રી નાયબ સૈનીએ કહ્યું હતંધ કે ભારે વરસાદને પગલે ઘર તુટી પડતા આ જાનહાની થઈ હતી. તમામ મૃતકોના પરિવારને સરકાર તરફથી ચાર લાખ રૂપિયાની સહાય અપાઈ રહી છે. હરિયાણામાં જાનહાનીની આ ઘટનાઓ ફતેહાબાદ, ભિવાની અને કુરુક્ષેત્રમાં સામે આવી હતી. ગત સપ્તાહે જ ભિવાનીમાં ત્રણ યુવતીઓના મોત નિપજ્યા હતા. આ વખતે પણ મકાન તુટી પડતા મોટી જાનહાની સામે આવી છે. દેશની રાજધાની દિલ્હીમાં થોડા દિવસોની રાહત બાદ હવે ફરી વરસાદ પડવાની આગાહી કરાઈ છે.

ભારતીય સૈન્યના વેસ્ટર્ન કમાન્ડ દ્વારા ઓપરેશન રાહત લોન્ચ કરવામાં આવ્યું છે. સૈન્ય આ ઓપરેશન હેઠળ પંજાબ, હિમાચલ પ્રદેશ, જમ્મુ કાશ્મીર વગેરે પૂર પ્રભાવિત વિસ્તારોમાં અનેક લોકોનો જીવ બચાવી ચુક્યું છે.

૫૯ આર્મી કોલમ, ૧૭ એન્જિનીયર ટાસ્ક ફોર્સ તૈનાત કરવામાં આવી છે. સૈન્યની મદદથી આશરે ૧૩૦૦૦ લોકોને સારવાર મળી ચુકી છે. હાલમાં પંજાબમાં સૈન્ય દ્વારા મોટા પ્રમાણમાં રાહતની કામગીરી કરવામાં આવી રહી છે. પંજાબમાં છેલ્લાં ૧૩ દિવસથી ચાલી રહેલા ભારે વરસાદ અને પૂરને કારણે સ્થિતિ અત્યંત ગંભીર બની છે. અમૃતસરના આર્યા ગામમાં ખેડૂતો અને સ્થાનિક રહેવાસીઓને ભારે નુકસાન થયું છે.. ખેડૂત ગુરભેત સિંહ જેવા ખેડૂતોએ પોતાની ૮૦ એકર જમીન પરનો ૧૦૦ ટકા પાક ગુમાવ્યો છે.

### 'આલ્ફા' ૨૫ ડિસેમ્બરે રિલીઝ થશે

# શર્વરી વાઘ આલિયા ભટ્ટ સામે બરાબર ટક્કર ઝીલશે

## આ ફિલ્મ દ્વારા, બોબી દેઓલ પહેલીવાર આ યુનિવર્સમાં જોડાઈ રહ્યો છે. તે એક ભયાનક વિલનની ભૂમિકામાં હશે




મુંબઈ, તા.૯

વર્ષ ૨૦૨૫ ના બાકીના મહિનામાં ઘણી મોટી ફિલ્મો રિલીઝ થવા જઈ રહી છે. જેમાંથી એક સ્પાય યુનિવર્સની આગામી ફિલ્મ છે. 'આલ્ફા'માં આલિયા ભટ્ટ સાથે શર્વરી વાઘ જોવા મળશે. ફિલ્મમાં બોબી દેઓલ વિલનનો રોલ કરી રહ્યા છે. જેની એક ઝલક ઋતિક રોશનની 'વોર ૨'માં જોવા મળી હતી. દરમિયાન, શર્વરી વાઘે ફિલ્મ વિશે એક શાનદાર અપડેટ આપ્યું છે. 'વોર ૨' ની નિષ્ફળતા પછી, હવે બધી આશાઓ આલિયા ભટ્ટ અને શર્વરીની ફિલ્મ પરથી છે.તાજેતરમાં જ શર્વરી વાઘે ઈબ્રાહિમ સાથે રેમ્પ વોક કર્યું. આ દરમિયાન, તેણીએ તેના ડિઝાઈનર સાથે ફિલ્મ વિશે પણ વાત કરી છે. ખરેખર, અભિનેત્રી ઘણી મોટી ફિલ્મોમાં સતત દેખાઈ છે. જેમાંથી એક આ પ્રોજેક્ટ છે. તે લાંબા સમયથી આ માટે તૈયારી કરી રહી છે.શર્વરી વાઘે તાજેતરમાં જ તેની આગામી ફિલ્મ વિશે માહિતી આપી હતી. તે કહેતી જોવા મળી હતી કે તેની 'આલ્ફા' ૨૫ ડિસેમ્બરે આવી રહી છે. તે તેના માટે ખૂબ જ ઉત્સાહિત છે. તે હાલમાં ફિલ્મની તૈયારીમાં વ્યસ્ત છે. તે જ સમયે, અભિનેત્રી હાલમાં શિવ રવૈલના નિર્દેશનમાં બની રહેલી ફિલ્મ માટે તાલીમ લઈ રહી છે. એક્શન શરૂ કરતા પહેલા તેણે ઘણી તૈયારી કરવી પડશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તે અને આલિયા ભટ્ટ સમાન ભૂમિકાઓમાં હશે. પરંતુ શર્વરી વાઘ જે રીતે તૈયારી કરી રહ્યા છે, તેનાથી અપેક્ષા રાખવામાં આવે છે કે તે આલિયા ભટ્ટને પાછળ છોડી શકે છે.ખરેખર, જો શર્વરી વાઘને ટાઈગર-પઠાણના માર્ગે ચાલવું હોય, તો તેણે પોતાના અભિનયથી બધાને પ્રભાવિત કરવા પડશે. વાયઆરએફ સ્પાય યુનિવર્સ ટાઈગર અને પઠાણ માટે જાણીતું છે. બીજી કેટલીક ફિલ્મો પણ રિલીઝ થઈ છે. પરંતુ કારણ કે આ પહેલી મહિલા જાસૂસ ફિલ્મ છે. તેથી અપેક્ષાઓ પણ વધારે છે. શર્વરી વાઘે પોતાના રોલ વિશે વધુ કંઈ કહ્યું નહીં. પરંતુ અભિનેત્રીએ કહ્યું છે કે ફિલ્મનું પ્રમોશન શરૂ થતાંની સાથે જ તે રોલ વિશે વધુ માહિતી આપી શકશે.આ ફિલ્મ દ્વારા, બોબી દેઓલ પહેલીવાર આ યુનિવર્સમાં જોડાઈ રહ્યો છે. તે એક ભયાનક વિલનની ભૂમિકામાં હશે. જેની પાસેથી અપેક્ષાઓ પણ વધારે છે. તે જોવાનું બાકી છે કે તે પોતાની ભૂમિકાથી બધાને કેવી રીતે પ્રભાવિત કરી શકે છે. શું તે આ બ્રહ્માંડનો વિલન બની શકશે, જેને અંતે બધા હીરો સામે લડવાની તક મળશે. જો આવું થાય, તો તે તેના માટે એક મોટી તક હશે.

### ચૂંટણીમાં NDAની જીત નિશ્ચિત મનાઈ રહી છે

# ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીમાં ખેલ : પક્ષે NDAને સમર્થન આપતા એક ઝાટકે વધી ગયા ૧૧ વોટ

## ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટેના મતદાર મંડળમાં રાજ્યસભાના ૨૩૩ ચૂંટાયેલા, ૧૨ નામાંકિત અને લોકસભાના ૫૪૩ ચૂંટાયેલા સભ્યોનો સમાવેશ થાય છે

નવીદિલ્હી, તા.૯

ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં NDAની જીત નિશ્ચિત મનાઈ રહી છે. આ દરમિયાન YSRCPના અધ્યક્ષ જગન મોહન રેડ્ડીએ NDAના ઉમેદવાર સી.પી. રાધાકૃષ્ણનને સમર્થન આપવાની જાહેરાત કરી છે. પીયૂષ ગોયલ સાથેની મુલાકાત બાદ રેડ્ડીએ આ નિર્ણય લીધો હતો, જેનાથી NDAને સીધા ૧૧ મતોનો ફાયદો થયો છે. YSR કોંગ્રેસના લોકસભામાં ૪ અને રાજ્યસભામાં ૭ સાંસદો છે.

કોંગ્રેસ નેતા મણિકમ ટાગોરે X પર પોસ્ટ કરીને કહ્યું કે આંધ્રપ્રદેશના લોકો જગન મોહન રેડ્ડીનો વિશ્વાસઘાત ભૂલશે નહીં. તેમણે આક્ષેપ કર્યો કે રેડ્ડીએ રાજ્યના હિતોને બદલે પોતાના CBI કેસના ડરથી RSS-સમર્થિત ઉમેદવારને સમર્થન આપ્યું છે. ટાગોરે જણાવ્યું કે, 'જગન મોહનનો આ નિર્ણય કોઈ રાજકીય રણનીતિ નથી, પરંતુ નરેન્દ્ર મોદીના દબાણ સામેનું આત્મસમર્પણ છે.' તેમણે તમામ સાંસદોને અપીલ કરી કે તેઓ બંધારણનું સમર્થન કરનાર ઉમેદવારને જ મત આપે, નહીં કે RSSના ઉમેદવારને.'

ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટેના મતદાર મંડળમાં રાજ્યસભાના ૨૩૩ ચૂંટાયેલા, ૧૨ નામાંકિત અને લોકસભાના ૫૪૩ ચૂંટાયેલા સભ્યોનો સમાવેશ થાય છે, જે કુલ ૭૮૮ સભ્યો છે (વર્તમાનમાં ૭૮૧). આ વખતે બંને ઉમેદવારો દક્ષિણ ભારતમાંથી છે, જેમાં એનડીએના ઉમેદવાર રાધાકૃષ્ણન તમિલનાડુથી અને વિપક્ષના રેડ્ડી તેલંગાણાથી છે. આંકડા મુજબ એનડીએનું પલડું ભારે છે, જોકે રેડ્ડીએ આ લડાઈને વૈચારિક ગણાવી છે.ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં ફક્ત લોકસભા અને રાજ્યસભાના સાંસદો જ મતદાન કરી શકે છે, જેમાં રાજ્યસભાના ૧૨ નામાંકિત સભ્યો પણ સામેલ છે. લોકસભામાં કુલ ૫૪૨ અને રાજ્યસભામાં ૨૩૯ સાંસદો છે. BJD, BRS, શિરોમણિ અકાલી દળ અને એક અપક્ષ સાંસદે મતદાનમાં ભાગ નહીં લેવાની જાહેરાત કરી છે. કુલ ૭૮૮માંથી ખાલી સીટો બાદ કરતાં સાંસદોની સંખ્યા ૭૮૧ છે, પરંતુ મતદાન કરનારા સાંસદોની સંખ્યા ૭૭૦ છે, તેથી બહુમતીનો આંકડો ૩૯૧ છે.

લોકસભાના ૫૪૨ સાંસદોમાંથી NDA પાસે ૨૯૩ સાંસદોનું સમર્થન છે, જેમાં એકલા ભાજપના ૨૪૦ સાંસદો છે. આ ઉપરાંત TDPના ૧૬, JDUના ૧૨, શિવસેનાના ૭ અને લોજપાના ૫ સાંસદો પણ NDAની સાથે છે. હવે YSRCP એ પણ સમર્થન જાહેર કરતા NDAનું સંખ્યાબળ વધુ મજબૂત બન્યું છે.રાજ્યસભામાં, ભાજપના ૧૦૨ સાંસદો સહિત NDA પાસે કુલ ૧૨૫ સાંસદો છે. YSR કોંગ્રેસના ૭ સાંસદોના સમર્થન સાથે આ સંખ્યા ૧૩૨ થઈ જાય છે. બીજી તરફ, વિપક્ષી ગઠબંધન પાસે માત્ર ૮૫ સાંસદો છે. આમ, કુલ અપેક્ષિત મતોમાં NDAને ૪૩૪ અને ઈન્ડિયા ગઠબંધનને ૩૨૦ મત મળવાની શક્યતા છે.

# બિહારમાં ચૂંટણી: બેઠકોની વહેંચણી મુદ્દે RJD-કોંગ્રેસમાં ખેંચતાણ?

## કોંગ્રેસ મહાસચિવ કેસી વેણગોપાલ, બિહાર કોંગ્રેસ પ્રભારી કૃષ્ણા અલ્લાવરુ અને પ્રદેશ અધ્યક્ષ રાજેસ રામ સહિત બિહારને ઘણા નેતા સામેલ હશે

બિહાર, તા.૯

બિહાર વિધાનસભા ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ મહાગઠબંધનની વચ્ચે બેઠક વહેંચણીને લઈને હલચલ તેજ થઈ રહી છે. આ દરમિયાન કોંગ્રેસના કેન્દ્રીય હાઈકમાન્ડે દિલ્હીમાં પાર્ટી નેતાઓની એક બેઠક બોલાવી છે. આ બેઠકમાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસ મહાસચિવ કેસી વેણગોપાલ, બિહાર કોંગ્રેસ પ્રભારી કૃષ્ણા અલ્લાવરુ અને પ્રદેશ અધ્યક્ષ રાજેસ રામ સહિત બિહારને ઘણા નેતા સામેલ હશે.

આ બેઠકમાં, અમે આરજેડી સાથે બેઠક વહેંચણી અને ભવિષ્યની રણનીતિ અંગે ચર્ચા કરવામાં આવશે. બેઠકમાં મતદાન અધિકાર યાત્રાની સમીક્ષા પણ કરવામાં આવી શકે છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે બેઠક વહેંચણીને લઈને આરજેડી અને કોંગ્રેસ વચ્ચે હવે વાત નથી બની રહી. કોંગ્રેસ આશરે ૬૦ બેઠક ઈચ્છે છે, જ્યારે આરજેડી તેને ૫૦ બેઠકમાં રાજી કરવા માગે છે. છેલ્લી ચૂંટણીમાં કોંગ્રેસ ૭૦ બેઠક પર લડી હતી.

આ વખતે વિપક્ષી ગઠબંધનમાં મુકેશ સહની અને પશુપતિ પારસની એન્ટ્રી અને સીપીઆઈ એમએલની વધુ બેઠકોની માંગને કારણે કોંગ્રેસ પર ઓછી બેઠકો પર સમાધાન કરવાનું દબાણ છે. કોંગ્રેસ કેટલીક બેઠકો છોડવા પણ તૈયાર છે. પરંતુ બદલામાં પાર્ટીને પોતાની ઈચ્છા મુજબ બેઠકો પસંદ કરવાની સ્વતંત્રતા છે. બેઠક વહેંચણીને લઈને ૬ ઓગસ્ટે પટણામાં આરજેડી અને કોંગ્રેસની બેઠક મળી હતી.

પરંતુ આ બેઠકમાં આરજેડી અને કોંગ્રેસ વચ્ચે સંપૂર્ણ સહમતિ નહોતી બની.

બિહારમાં ખાસ સઘન સુધારા સામે રાહુલ ગાંધીની આગેવાની હેઠળ મતદાતા અધિકાર યાત્રાને લઈને કોંગ્રેસ ઉત્સાહમાં જોવા મળી રહી છે. તેજસ્વી યાદવ સહિત મહાગઠબંધનના અન્ય ઘટકો પણ આ યાત્રામાં સામેલ હતા. પરંતુ તેનું નેતૃત્વ કોંગ્રેસ અને રાહુલ ગાંધી પાસે રહ્યું હતું. આ યાત્રા પછી એવું કહેવામાં આવી રહ્યું હતું કે, કોંગ્રેસની સોદાબાજી પાવરમાં વધારો થશે, પરંતુ હાલમાં તેવું જોવા નથી મળી રહ્યું.

### ૫૫ ફાઈટર જેટ લઈ જવાની ક્ષમતા

# ભારત બનાવશે ન્યુક્લિયરથી લેસ એરક્રાફ્ટ કેરિયર INS વિશાલ

## આ યોજના ભારતને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં ચીન અને પાકિસ્તાન જેવા હરીફોનો સામનો કરવા માટે તૈયાર કરશે

નવીદિલ્હી, તા.૯

ભારત પોતાની નેવીને વધુ શક્તિશાળી બનાવવા માટે પ્રથમ ન્યુક્લિયરથી લેસ એરક્રાફ્ટ કેરિયર બનાવવા જઈ રહ્યું છે. તેનું નામ 'INS વિશાલ' છે. ૬ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ સંરક્ષણ મંત્રાલયે ૧૫ વર્ષની યોજના ટેકનોલોજી પર્સપેક્ટિવ એન્ડ કેપેબિલિટી રોડમેપ ૨૦૨૫ (TPCR-૨૦૨૫) જાહેર કરી હતી. આ યોજના ભારતને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં ચીન અને પાકિસ્તાન જેવા હરીફોનો સામનો કરવા માટે તૈયાર કરશે.

INS વિશાલને સ્વદેશી એરક્રાફ્ટ કેરિયર-૩ (IAC-૩) તરીકે પણ ઓળખવામાં આવે છે. તે ભારતનું ત્રીજું એરક્રાફ્ટ કેરિયર હશે. તે કોચીન શિપયાર્ડ લિમિટેડમાં બનશે અને પરમાણુ ઉર્જાથી ચાલશે. તેનું વજન ૬૫થી ૭૫ હજાર ટન હશે, તે ૩૦૦ મીટર લાંબું હશે અને તેની ગતિ લગભગ ૫૫ કિમી/કલાક હશે.

તેનામાં ૫૫ ફાઈટર જેટ લઈ જવાની ક્ષમતા છે, જેમાં ૪૦ ફિક્સ્ડ-વિંગ (ફાઈટર એરક્રાફ્ટ) અને ૧૫ રોટરી-વિંગ (હેલિકોપ્ટર)હશે. તેનું નામ 'વિશાલ' સંસ્કૃતમાં 'વિશાલકાયનું પ્રતીક' છે. તે ભારતને અમેરિકા અને ફ્રાન્સ પછી ન્યુક્લિયરથી લેસ એરક્રાફ્ટ કેરિયર સંચાલિત કરે છે.

લાંબા સમય સુધી સમુદ્રમાં રહેવાની ક્ષમતા: તે રિફ્યુઅલિંગ વિના મહિનાઓ સુધી સમુદ્રમાં રહી શકે છે, જેનાથી પુરવઠાની જરૂરિયાત ઓછી થાય છે.

વધુ શક્તિ: પરમાણુ રિએક્ટર ૫૦૦-૫૫૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરશે, જે ઈલેક્ટ્રોમેગ્નેટિક એરક્રાફ્ટ લોન્ચ સિસ્ટમ્સ (EMALS), લેસર હથિયાર અને સેન્સર જેવા આધુનિક ઉપકરણોને ચલાવશે.

- EMALS: આ ઈલેક્ટ્રોમેગ્નેટિક સિસ્ટમ ભારે વિમાનોને સરળતાથી ઉડાડવામાં મદદ કરશે. DRDO તેને સ્વદેશી રીતે વિકસાવી રહ્યું છે. ૪૦૦ કિલોગ્રામ સુધીના પ્રોટોટાઈપ સુધીનું પરીક્ષણ થઈ ચૂક્યુ છે. ભવિષ્યમાં તે ૪૦ ટન સુધીના વિમાનોને લોન્ચ કરશે.

ઓટોમેટિક લેન્ડિંગ સિસ્ટમ: આ વિમાનને સુરક્ષિત રીતે લેન્ડ કરવામાં મદદ કરશે.

- ફ્રેનેલ ઓપ્ટિકલ લેન્ડિંગ સિસ્ટમ: પાઈલટ્સને લેન્ડિંગમાં મદદ કરશે.

- કોમ્બેટ મેનેજમેન્ટ સોફ્ટવેર: વિમાનોને નિયંત્રિત કરવા અને યુદ્ધમાં દિશા આપવા માટે.

ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં ચીન અને પાકિસ્તાનની વધતી જતી શક્તિએ ભારતને INS વિશાલ જેવા જહાજો બનાવવા માટે પ્રેરણા આપી છે.

ચીનનો પડકાર: ચીન પાસે બે વિમાનવાહક જહાજો લિયાઓનિંગ અને શોંડોંગ છે. ત્રીજું ફુજિયાન EMALS સાથે તૈયાર થઈ રહ્યું છે. ચીન પરમાણુ સંચાલિત જહાજો પણ વિકસાવી રહ્યું છે.

પાકિસ્તાનની સબમરીન: પાકિસ્તાન ચીન પાસેથી ૮ હેંગોર-ક્લાસ સબમરીન ખરીદી રહ્યું છે, જેનાથી ભારતના દરિયાઈ વિસ્તારમાં ખતરો વધી જશે.

ત્રણ જહાજોની જરૂર: ભારત ત્રણ વિમાનવાહક જહાજો રાખવા માંગે છે જેથી બે હંમેશા એક્ટિવ રહે. જો એક જહાજ મેઈન્ટેનન્સમાં હોય તો બીજા બેને અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાં તહેનાત રહી શકે.

# અમરેલી જિલ્લાનાં મહિલા ઉધોગ સાહસિકે ઓર્ગેનિક સાબુ બનાવી સફળતા હાંસલ કરી






અમરેલીજિલ્લાનાલીલીયા તાલુકાના મોટા કણકોટ ગામની એક સામાન્ય ગૃહિણીએ પોતાના ઘરના ખૂણેથી શરૂ કરેલું નાનું કામ આજે માત્ર તેમની જ નહીં, પણ સમગ્ર વિસ્તારમાં પ્રેરણાનું સ્ત્રોત બની ગયું છે. ગોહિલ ભાવનાબેન નામની આ મહિલા આજે પોતાના ઘરમાં બેઠા સૌ ટકા ઓર્ગેનિક અને હર્બલ સાબુ તૈયાર કરી રહી છે અને આ સાબુને કારણે દર મહિને ૪૦થી ૫૦ હજાર રૂપિયા સુધીની આવક મેળવી રહી છે. ભાવનાબેનનું શિક્ષણ સાતમા ધોરણ સુધી જ થયું છે, પરંતુ શીખવાની તલપ અને કંઈક અલગ કરવાની ઈચ્છાએ તેમને આજે આ સ્થાને પહોંચાડયા છે. ઘરની સામાન્ય પરિસ્થિતિમાં જીવતી ભાવનાબેને એક દિવસ વિચાર કર્યો કે કેમ નવું કામ કરવું જોઈએ, જેથી ઘરના ખર્ચમાં મદદ મળે. સાબુ બનાવવાનો વિચાર તેમને કુદરતી ઔષધિય છોડ અને ઘરેલું ઉપચાર પ્રત્યેના રસને કારણે આવ્યો. સૌપ્રથમ તેમણે લીમડાના પાનમાંથી સાબુ બનાવવાનો પ્રયોગ કર્યો અને ગામના થોડાક લોકોમાં તેનો વેચાણ કર્યો. સાબુની ગુણવત્તા અને સુગંધને કારણે લોકો ખુશ થયા અને માંગ વધવા લાગી. ૧૫ થી વધુ પ્રકારના સાબુ આજે ભાવનાબેન માત્ર લીમડાનો જ નહીં પરંતુ ૧૫ થી વધુ પ્રકારના સાબુ બનાવે છે. તેમાં લીમડો, બીટ, કેસુડો, ચંદન, હલ્દી, કેસર, એલોઅવેરા, ગુલાબ, કોફી, ટમેટા, તુલસી જેવા વિવિધ કુદરતી ઘટકોનો સમાવેશ થાય છે. દરેક સાબુની પોતાની વિશેષતા છે. જેમ કે લીમડાનો સાબુ ત્વચાના રોગો માટે લાભકારી, હલ્દી–કેસરનો સાબુ ચહેરા પર ચમક આપે, ચંદનનો સાબુ ત્વચાને ઠંડક આપે છે. આ બધાં સાબુ રાસાયણિક તત્વો વિના સંપૂર્ણ ઓર્ગેનિક રીતે બનાવવામાં આવે છે. ભાવનાબેનના નિવાસસ્થાને રોજિંદા ૧૦૦૦ સાબુ સુધી બનાવવાની ક્ષમતા છે. રોજના લગભગ ૨૦૦થી ૩૦૦ સાબુનું વેચાણ થાય છે. એક સાબુ બનાવવા માટે અંદાજિત્ ૨૫ જેટલો ખર્ચ આવે છે અને તેના પર તેમને્ ૫ જેટલો નફો થાય છે. ભલે નફો થોડો લાગે, પરંતુ મોટા પાયે વેચાણ થવાને કારણે તેઓ દર મહિને લાખો રૂપિયાનું વાર્ષિક વળતર મેળવી રહી છે. શરૂઆતમાં સાબુનું વેચાણ ગામ અને આસપાસના વિસ્તારમાં જ થતું હતું. પરંતુ આજે ભાવનાબેનના સાબુ અમરેલી, સૌરાષ્ટ્ર, સુરત, અમદાવાદ, વડોદરા સહિત ગુજરાતના મોટા શહેરોમાં વેચાય છે. માત્ર રાજય સુધી મર્યાદિત નહીં, પરંતુ ગુજરાત બહારના રાજયોમાં પણ આ સાબુની માંગ વધી છે. ખાસ વાત એ છે કે સાબુનો વેચાણ નેપાળની બોર્ડર અને સીતાપુર સુધી થાય છે. તેમને મોટા ભાગના ઓર્ડર ઓનલાઈન માધ્યમો દ્વારા મળે છે. ગ્રાહક પાસેથી ઓર્ડર મળ્યા બાદ સાબુને ખાસ રીતે પેકિંગ કરી કુરિયર મારફતે મોકલવામાં આવે છે. આ રીતે ગામના નાનકડા ઘરમાં બેઠા તેમણે પોતાનું ઉત્પાદન રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજાર સુધી પહોંચાડયું છે. ભાવનાબેનની આ સફળતા માત્ર એક વ્યક્તિની જ ન રહે, પરંતુ ગ્રામ્ય મહિલાઓ માટે એક પ્રેરણાદાયક કથા બની ગઈ છે. ઘણી મહિલાઓ તેમને જોઈને સાબુ બનાવવા અંગે તાલીમ લે છે. ભાવનાબેન કહે છે કે, મહિલાઓએ માત્ર ઘરના કામમાં જ સમય વેડફવો નહીં, પરંતુ પોતાની કુશળતા મુજબ નાનું કામ શરૂ કરવું જોઈએ. થોડો પ્રયત્ન અને હિંમત રાખવાથી મોટું પરિણામ મળે છે. આજના સમયમાં લોકો સ્વાસ્થ્ય અંગે વધુ જાગૃત બન્યા છે. ત્વચા માટે રસાયણયુક્ત સાબુ કે કોસ્મેટિકસ કરતાં કુદરતી અને ઓર્ગેનિક ઉત્પાદનોને વધુ પ્રાથમિકતા આપે છે. આ જ કારણે ભાવનાબેન જેવા ગ્રામ્ય ઉદ્યોગસાહસિકોને બજારમાં સારી તક મળી રહી છે. સાબુમાં કુદરતી જડીબુટ્ટી અને ફળ–ફૂલનો ઉપયોગ થવાને કારણે તેનો ઉપયોગ સલામત અને ત્વચા માટે ફાયદાકારક છે. ભાવનાબેનનું કહેવું છે કે તેઓ આગળ જઈને પોતાના સાબુનું બ્રાન્ડ નામ રજીસ્ટર કરી મોટી કંપનીઓની જેમ માર્કેટમાં ઓળખ બનાવવા માગે છે. તેમજ તેઓ ભવિષ્યમાં અન્ય મહિલાઓને રોજગારી આપી, ઉત્પાદન વધારી અને સમગ્ર દેશમાં પોતાના સાબુ પહોંચાડવાનો ઈરાદો ધરાવે છે. મોટા કણકોટ ગામની ગોહિલ ભાવનાબેનની વાર્તા એ સાબિત કરે છે કે શિક્ષણ ઓછું હોવા છતાં હિંમત, મહેનત અને આત્મવિશ્વાસથી કોઈપણ વ્યક્તિ સફળ બની શકે છે. એક સામાન્ય ગૃહિણીએ પોતાના ઘરેથી શરૂ કરેલું કામ આજે હજારો રૂપિયાનું વળતર આપી રહ્યું છે. તેમના ઓર્ગેનિક સાબુ માત્ર લોકોની ત્વચાને આરોગ્યપ્રદ બનાવી રહ્યા નથી, પરંતુ સમગ્ર સમાજને કુદરતી જીવનશૈલી તરફ પ્રેરણા આપી રહ્યા છે.

## અમરેલી : જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક મળશે

અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને તા.૧૦મી સપ્ટેમ્બરે જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક યોજાશે.

જિલ્લા કલેકટર કચેરી ખાતે મળનારી આ બેઠકમાં ઓગમેન્ટેશન ટેપ કનેક્ટિવિટી ઈન એરીયા અને જળ જીવન મિશન અંતર્ગતની કામગીરીની સમીક્ષા કરવામાં આવશે.

## 'ખેલ મહાકુંભ' અને 'સાંસદ ખેલ મહોત્સવ'ના આયોજન અને સ્પર્ધકોના રજિસ્ટ્રેશન સંદર્ભે બેઠક યોજાશે

અમરેલી, તા. ૯

ખેલમહાકુંભ–૨૦૨૫ અને સાંસદ ખેલમહોત્સવના આયોજન તથા આ સ્પર્ધાઓમાં મહત્તમ વિદ્યાર્થીઓ–રમતવીરો સહભાગી બને તે માટે સાંસદ ભરતભાઈ સુતરીયા અને કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને બેઠક મળશે.

કલેકટર કચેરી ખાતે તા.૧૧મી સપ્ટેમ્બરે મળનારી આ બેઠકમાં વિદ્યાર્થીઓ ખેલાડીઓની જુદી જુદી સ્પર્ધામાં સહભાગીતા વધે અને વિવિધ રમતોમાં ભાગ લેવા માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરે તે સંદર્ભમાં જરૂરી પરામર્શ કરવામાં આવશે. ઉપરાંત ઉકત સ્પર્ધાઓના સુચારૂ આયોજન માટે પણ સંબંધિત અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા કરવામાં આવશે.

પાના ૧ ઉપરનું ચાલું **અંતે સાવરકુંડલાનાં નેસડી માર્ગ ઉપરનાં**

બેફામ ટ્રેકટર ચલાવતા હતા. ત્યારે ગઈકાલ રાત્રે નેસડી રોડ પર આ વિસ્તારના લોકોની ધીરજ ખૂટી હતી અને રોષ ફાટી નીકળ્યો હતો અને નહેરામાંથી ગેરકાયદેસર રેતી ભરી નીકળતું ટ્રેકટર નં. જી.જે.–૧૪ બી–૨૪ ૧૧ને જનતા રેડ કરી સાવરકુંડલા શહેર પોલીસ મથકે સોંપી આપતા ઈન્ચાર્જ પીઆઈ અગ્રાવતે વેલજીભાઈ મોહનભાઈ સોલંકી નામના આરોપી સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. આમ જનતા રેડ થકી ખનીજ ચોરી પકડી પાડી પોલીસને સોંપી આપવામાં આવી હતી.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૯૦ | ૧૦૩૮ |
| ૨ | શિંગ મોટી | ૫૭૫ | ૧૧૬૬ |
| ૩ | શિંગદાણા | ૯૦૦ | ૧૩૫૦ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૮૦૦ | ૧૧૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૧૨૦ | ૨૩૦૦ |
| ૬ | તલ કાળા | ૨૩૧૦ | ૪૫૩૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૧૭૦ | ૨૩૧૫ |
| ૮ | બાજરો | ૩૧૪ | ૫૫૧ |
| ૯ | જુવાર | ૬૬૬ | ૭૧૩ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૮૪ | ૫૮૮ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૧૧ | ૫૭૦ |
| ૧૨ | મકાઈ | ૫૬૧ | ૫૬૧ |
| ૧૩ | મગ | ૧૦૩૦ | ૧૬૫૭ |
| ૧૪ | અડદ | ૯૦૦ | ૧૪૧૧ |
| ૧૫ | ચણા | ૯૫૦ | ૧૧૨૨ |
| ૧૬ | ચણા દેશી | ૧૨૭૦ | ૧૨૭૨ |
| ૧૭ | સફેદ ચણા | ૧૦૭૬ | ૧૦૯૧ |
| ૧૮ | છોલે ચણા | ૧૩૫૦ | ૧૭૦૩ |
| ૧૯ | તુવેર | ૮૦૫ | ૧૨૫૨ |
| ૨૦ | કપાસ | ૮૦૦ | ૧૬૧૮ |
| ૨૧ | એરંડા | ૧૦૦૦ | ૧૨૬૮ |
| ૨૨ | જીરૂ | ૩૧૦૦ | ૩૬૫૦ |
| ૨૩ | રાય | ૧૩૦૦ | ૧૪૬૫ |
| ૨૪ | ધાણા | ૧૦૦૦ | ૧૩૪૦ |
| ૨૫ | અજમા | ૮૨૨ | ૧૨૩૦ |
| ૨૬ | મેથી | ૭૭૦ | ૯૨૩ |
| ૨૭ | સોયાબીન | ૬૯૫ | ૮૩૨ |
| ૨૮ | રજકાનુ બી | ૨૦૦૦ | ૬૫૦૦ |

પાના ૮ ઉપરનું ચાલું **દામનગરમાં આધુનિક બસ સ્ટેન્ડની**

લાગણી સમજી શકતા નથી. આ વિસ્તારના ધારાસભ્ય લોકોની સમસ્યા–પ્રશ્નો ઉકેલવામાં નિરાકરણ લાવી રહ્યા હોય, દામનગરના પેસેન્જરોની એસ.ટી.ના આ પ્રશ્નો અને માંગને સમજી સરકાર અને એસ.ટી.ના અધિકારીઓ સાથે સંકલન કરી યોગ્ય ઉકેલ લાવે એવી લાગણી સાથે માંગ ઉઠી છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લામાં નેશનલ અને સ્ટેટ હાઈવે**

રેતીની લિઝો ન હોવા છતાં એક પણ સરકારી બાંધકામ બંધ રહ્યું નથી, ગેરકાયદેસર રેતીનો ઉપયોગ કરી બહારની રેતીના લીઝના પાસ રજુ કરવામાં આવે છે જે સૌથી મોટું કૌભાંડ છે.

વર્તમાન સમયમાં નીચેના હાઈવે વાહનચાલકો માટે માથાનો દુ:ખાવો સામાન બન્યો તો, સત્વરે પેચ કામ અને રી–કાર્પેટ થાય જેમાં રાજુલાથી સાવરકુંડલા સ્ટેટ હાઈવે, સાવરકુંડલાથી અમરેલી હાઈવે, સાવરકુંડલાથી નેસડી સુધી ચલાલા સ્ટેટ હાઈવે, અમરેલીથી બગસરા સ્ટેટ હાઈવે, ચલાલાથી બગસરા સ્ટેટ હાઈવે, અમરેલીથી બાબરા નેશનલ હાઈવે, બગસરાના માણેકવાડાથી બીલખા રોડ અમરેલીની હદ સુધી.

ઉપરનાં તમામ રોડ રીપેરીંગ અને નવા બનાવવા માટે રાજયનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને ગુજરાત ભાજપ કિસાન મોરચાનાં મહામંત્રી હિરેન હિરપરાએ રજૂઆત કરી છે.

પાના ૧ ઉપરનું ચાલું **રાજુલામાં હલ્લાબોલ કરી**

કરી લેતાં રાજુલા નગરપાલિકાથી આગેવાન જીતેશભાઈ ઉર્ફે જીતુભાઈ ચંદુભાઈ બારૈયા (રહે. જસદણ) તથા તેમની સાથે અન્ય ૩૪ સ્ત્રી–પુરૂષોનુ ટોળુ તેમજ ટોળાની આગેવાની લેનાર ઈસમો સહિત આશરે ૧૫૦ જેટલા સ્ત્રી–પુરૂષોએ ગેરકાયદેસર રીતે મંડળી બનાવી કોઈપણ જાતની કોઈ સક્ષમ અધિકારીની પુર્વ મંજુરી લીધા વગર નગરપાલિકાની બહારના ભાગે જાહેરમાં ધરણા ઉપર બેસી જઈ તેમજ ધરણા ઉપરથી અચાનક ઉગ્ર સ્વરૂપ ધારણ કરી સુત્રોચારો કરી રાજુલા ગામે આવેલ આગરીયા જકાતનાકા પાસે જાહેર રોડ ઉપર ટોળું આવી જઈ આવતા જતા વાહનો તથા માણસોની અવર જવરમાં ગેરકાયદેસર રીતે અટકાવી દઈ રસ્તો બંધ કરી દઈ લોકોને રોડ ઉપર આવતા જતા અવરોધી જીલ્લા મેજી.ના જાહેરનામાંનો ભંગ કરી ગુન્હો કર્યા અંગેની ૩૪ જેટલાં મહિલા અને પુરૂષો સામે રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ. આર.એલ. રાઠોડે ફરિયાદ નોંધાવી છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૫૫ | ૧૧૫૫ |
| ૨ | ઘઉં | ૫૪૨ | ૫૫૫ |
| ૩ | તલ સફેદ | ૧૪૯૦ | ૧૪૯૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર નવો | ૧૨૩૫ | ૧૨૮૦ |
| ૨ | કપાસ જુનો | ૧૫૦૦ | ૧૫૩૦ |
| ૩ | મગફળી | ૯૨૫ | ૯૭૫ |
| ૪ | તલ સફેદ | ૧૪૩૯ | ૧૬૯૫ |
| ૫ | જીરૂ | ૨૮૪૦ | ૩૨૪૫ |
| ૬ | ઘઉં | ૪૬૦ | ૫૦૫ |
| ૭ | અડદ | ૮૫૦ | ૯૯૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૮૬ |
| ૨ | શીંગ મોટી | ૧૦૬૦ | ૧૧૪૦ |
| ૩ | શીંગ નવી | ૬૮૦ | ૯૪૧ |
| ૪ | તલ સફેદ | ૧૫૪૦ | ૨૧૦૬ |
| ૫ | તલ કાળા | ૩૪૦૦ | ૪૨૮૬ |
| ૬ | જીરૂ | ૩૨૧૦ | ૩૫૯૦ |
| ૭ | કપાસ | ૧૪૧૧ | ૧૬૨૦ |
| ૮ | કપાસ નવો | ૯૫૦ | ૧૪૧૦ |
| ૯ | ઘઉં લોકવન | ૫૩૦ | ૫૭૫ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૫૫ | ૬૦૦ |
| ૧૧ | બાજરો | ૩૭૪ | ૫૨૧ |
| ૧૨ | જુવાર | ૭૨૩ | – |
| ૧૩ | ચણા | ૯૦૦ | ૧૦૭૫ |
| ૧૪ | તુવેર | ૮૦૦ | ૧૦૦૦ |

પાના ૧ ઉપરનું ચાલું **આરોપીને 3 વર્ષની સખ્ત સજા**

હનુમાનપરા વિસ્તારમાં રહેતી એક ૧૭ વર્ષની સગીરાને અમરેલીના ચિતલ રોડ ઉપર આવેલ વેસ્ટર્ન પાર્કમાં રહેતો દિગ્વીજય મુળજીભાઈ ચુડાસમા નામનો આરોપી ગત તા.૧૯/૩/૨૦૨૦ના રોજ સગીરાને લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયેલ. આ અંગે ભોગ બનનારના પિતાએ જે તે સમયે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેનો કેસ અમરેલીની સ્પેશ્યલ પોકસો અને ચોથા એડીશ્નલ સેશન્સ કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની દલીલોને કોર્ટે માન્ય રાખી સ્પે.જજ દ્વારા આરોપી દિગ્વીજય મુળજીભાઈ ચુડાસમાને ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૬૩, ૩૬૬ તથા પોકસો એકટની કલમ ૧૮ મુજબના ગુનામાં ૩ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૨૦,૦૦૦ ના દંડની સજાનો હુકમ કર્યો હતો.

જયારે આરોપીએ દંડની રકમ ભર્યેથી તે દંડની રકમમાંથી રૂા. ૧૫,૦૦૦ ભોગ બનનાર સગીરાને વળતર તરીકે ચુકવવા હુકમ કર્યો હતો.

પાના ૧ ઉપરનું ચાલું **સાવરકુંડલાનાં ઘોબા ગામે**

પોતાની ગાંઠમાં લઈ લીધો. પ્રકૃતિના આ અકલ્પનીય દ્રશ્યને ત્યાં હાજર રહેલા લોકોએ પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કરી લીધું. સામાન્ય રીતે આવા ક્ષણો ભાગ્યે જ મોબાઈલ કેમેરામાં કેદ થાય છે જેથી આ ઘટના સમગ્ર વિસ્તારમાં ચર્ચાનો વિષય બની ગઈ છે.

ઘટનાની જાણ થતા આસપાસના ગામના ખેડૂતો પણ આ અનોખું દ્રશ્ય જોવા માટે ઉમટી પડયા. કેટલાકે જણાવ્યું કે તેમણે જીવનમાં પહેલીવાર અજગરને શિયાળનો શિકાર કરતા જોયું છે. સામાન્ય રીતે આવા દ્રશ્યો જંગલોમાં જ જોવા મળે છે પરંતુ ખેતરમાં આવી ઘટના બનતા સૌ કોઈ ચકિત થઈ ગયા.

વનવિભાગને પણ આ ઘટનાની જાણ કરવામાં આવી છે. નિષ્ણાંતો મુજબ અજગર પ્રકૃતિનો અગત્યનો ભાગ છે અને તે નાના પ્રાણીઓ પર આહાર કરે છે. શિયાળ ચાલાક હોવા છતાં અજગરની પકડમાંથી છટકી શકયો નહીં, જે પ્રકૃતિના ખોરાક–શૃંખલા (ફૂડ ચેઈન)નું જીવંત ઉદાહરણ છે.

આ અનોખી ઘટના ખેતરમાં હાજર લોકો માટે આશ્ચર્યજનક તેમજ યાદગાર બની ગઈ.

**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી**

અપીલ અરજી નં. ૫૦/૨૦૨૫

**અરજદાર :** શ્રી સુરેશભાઈ વિરજીભાઈ બારેજા
સરનામું : રહે. ઈંટોના ભઠ્ઠા પાસે, કુંકાવાવ રોડ, અમરેલી, તા/જિ.અમરેલી.

:: વિરૂધ્ધ ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ – ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી, મુ.અમરેલી, તા./જિ.અમરેલી.

**–: જાહેર નોટીસ :–**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં અરજદારશ્રી **સુરેશભાઈ વિરજીભાઈ બારેજા** તેમના પુત્રશ્રી **વિનોદકુમાર સુરેશભાઈ બારેજા**નો **જન્મ (તા.૦૧/૦૬/૧૯૯૧)**ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. **૦૨–૦૯–૨૦૨૫** ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
અમરેલી શહેર

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૭૦૦ | ૧૧૫૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૨૫ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૬૫ | ૫૫૩ |
| ૪ | સોયાબીન | ૭૦૦ | ૮૧૫ |
| ૫ | જુવાર | ૫૩૫ | ૭૭૧ |
| ૬ | શીંગફાડા | ૧૧૦૦ | ૧૧૪૦ |
| ૭ | ચણા | ૭૦૦ | ૧૧૦૫ |
| ૮ | તલ સફેદ | ૧૩૦૦ | ૧૯૦૦ |
| ૯ | તલ કાળા | ૪૦૦૦ | ૪૦૦૦ |
| ૧૦ | ધાણા | ૮૨૦ | ૧૩૫૫ |
| ૧૧ | તુવેર | ૯૫૦ | ૯૫૦ |
| ૧૨ | મગ | ૧૨૦૦ | ૧૪૭૫ |
| ૧૩ | મગફળી | ૭૦૦ | ૮૨૦ |
| ૧૪ | મેથી | ૭૭૦ | ૭૭૦ |
| ૧૫ | ચણા સફેદ | ૧૦૪૦ | ૧૦૪૦ |
| ૧૬ | અડદ | ૧૧૦૦ | ૧૧૦૦ |

પાના ૮ ઉપરનું ચાલું **બગસરાનાં જુની હળીયાદ ગામનાં**

ડ્રાઈવર શરૂઆતમાં તો રેગ્યુલર વ્યાજ આપતા હતા પરંતુ છેલ્લા થોડા સમયથી આ ડ્રાઈવરની આર્થિક પરિસ્થિતિ સારી ના હોય જેથી વ્યાજના રૂપીયાની ચુકવણી કરી શકતા ના હતા. જેથી આરોપીઓને સારૂ નહી લાગતા બંન્ને આરોપીઓએ ફોન કરી ડ્રાઈવરને તેમના ઘર પાસે બોલાવી આરોપીઓએ વ્યાજ તેમજ મુદલ પૈસાની માંગણી કરી હતી. તે સમયે ડ્રાઈવરે કહેલ કે હાલમાં મારી પાસે પૈસાની સગવડતા નથી તે વાત સાંભળી બંન્ને આરોપીઓએ ઉશ્કેરાઈ જઈ ડ્રાઈવરને જેમફાવે તેમ ગાળો આપી, તમારાથી થાય નહી તો આટલી રકમ લેતા ના હોય તો. તેમ કહી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી શરીરે ઢીકાપાટુનો મુંઢ માર મારી ડ્રાઈવરની સીએનજી રીક્ષા નં. જી.જે.–૧૪ વાય–૪૮૨૨ ની લઈ લીધેલ હતી અને પૈસા આપી રીક્ષા લઈ જાજે તેમ કહી ડ્રાઈવરને કાઢી મુકેલ હતા.

બાદમાં આ ડ્રાઈવર તેમના ઘરે આવેલ અને ગઈકાલ તા. ૮ના રોજ સવારના આશરે છ વાગ્યે તેમને લાગી આવતા પોતાના ઘરે પોતાની જાતે બ્લેડ વડે ગળાના ભાગે કાપા મારી દઈ ઈજા થતા ડ્રાઈવરને અમરેલી સરકારી હોસ્પિટલમાં સારવારમાં દાખલ છે.

આ બનાવ અંગે જુની હળીયાદ ગામે રહેતા કાંતિભાઈ અરજણભાઈ દાફડાએ બગસરા ગામે રહેતા રૂસ્તમ મોગલ તથા સાજીદભાઈ ઈકબાલભાઈ અગવાન નામના આરોપીઓ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.


**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ – સાવરકુંડલા**
**શ્રી ભગવાનભાઈ કાનજીભાઈ પટેલ માર્કેટયાર્ડ**
મહુવા રોડ, રેલ્વે ફાટક પાસે, સાવરકુંડલા

**:: જાહેરાત ::**

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ–સાવરકુંડલા, જી. અમરેલીની કચેરીમાં કલાર્ક (ઓક્ષનર)ની ભરતી કરવાની હોય નીચેની વિગતેની શરતોને આધીન તથા લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી આ જાહેરાત પ્રસિધ્ધની વિગતે તેમની કોમ્પ્યુટરાઈઝ ટાઈપ કરેલ અરજી તૈયારી અરજી પર જાતે સહી કરી અરજી પર પાસપોર્ટ સાઈઝનો ફોટો લગાવી, જન્મ તારીખ અને લાયકાતના પ્રમાણપત્રો તેમજ જરૂરી તમામ સાધનિક કાગળોની પ્રમાણીત નકલો સાથે ચેરમેનશ્રી / સેક્રેટરીશ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સાવરકુંડલા, મું. સાવરકુંડલા, જી. અમરેલી–૩૬૪૫૧૫ ને ફકત રજીસ્ટર એ.ડી. પોસ્ટથી તા. ૨૦/૦૯/૨૦૨૫ સાંજના ૫:૦૦ કલાક સુધીમાં મળે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે.

| | |
|---|---|
| જગ્યાનુ નામ | : કલાર્ક (ઓક્ષનર)–(જગ્યા –૧) |
| શૈક્ષણિક લાયકતા | : માન્ય યુનિવર્સિટીના સ્નાતક હોવા જોઈએ. |
| વિશેષ | : ડીપ્લોમાં ઈન કો–ઓપરેટિવ મેનેજમેન્ટ (ડી.સી. એમ)ની તાલીમ + કોમ્પ્યુટર કોર્ષ + બજાર સમિતિ કે સહકારી સંસ્થાના અનુભવને અગ્રતા આપવામાં આવશે. |
| ઉંમર | : ઉમેદવારની ઉંમર આ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખે ૧૮ વર્ષથી ઓછી અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ. (આ બજાર સમિતિના ચાલુ ફરજ પરના અનુભવ ધરાવતા કર્મચારીના કિસ્સામાં મહતમ વય મર્યાદામાં ૩ (ત્રણ) વર્ષની ખાસ છુટછાટ રહેશે.) |
| પગાર ધોરણ | : સંસ્થાના મંજુર થયેલ નિયમો મુજબ રહેશે. |
| નોંધ : – | : (૧) આ નિમણુંક હાલ છ માસ માટે હંગામી ધોરણે રહેશે. ત્યારબાદ બજાર સમિતિની જરૂરિયાત અને કર્મચારીની સંતોષકારક કામગીરીને ધ્યાને લઈ કાયમી નિમણુંક કરવામાં આવશે. (૨) સમય મર્યાદા બાદ મળેલ અરજી તથા અધુરી વિગતો વાળી અરજી ધ્યાને લેવામાં આવશે નહીં. (૩) ભરતી સંબંધી તમામ નિર્ણય લેવાનો અબાધીત અધિકાર બજાર સમિતિ સાવરકુંડલાને રહેશે. |

સેક્રેટરી ચેરમેન વાઈસ ચેરમેન
**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ–સા.કુંડલા**


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૮૫૦ |
| ૨ | તલ સફેદ | ૧૨૫૦ | ૧૯૫૦ |
| ૩ | તલ કાળા | ૩૮૦૬ | ૪૦૬૧ |
| ૪ | તલ પીળા | ૧૬૦૦ | ૧૯૫૦ |
| ૫ | કપાસ | ૧૧૦૦ | ૧૨૬૦ |
| ૬ | બાજરો | ૩૮૦ | ૬૧૪ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૬૦૫ |
| ૮ | જુવાર | ૭૦૦ | ૮૨૮ |
| ૯ | મગ | ૮૪૦ | ૧૪૧૧ |
| ૧૦ | તુવેર | ૧૨૧૦ | ૧૨૧૦ |
| ૧૧ | ચણા | ૯૦૧ | ૧૧૬૦ |
| ૧૨ | સોયાબીન | ૮૦૦ | ૮૦૦ |

# ચલાલા : ગાયત્રી સંસ્કાર ધામ ખાતે જન્મ શતાબ્દી મહોત્સવ નિમિતે મીટીંગ યોજાઈ



ગાયત્રી સંસ્કાર ધામ –ચલાલા ખાતે શાંતિકુંજ હરિદ્વારમાં વર્ષ૨૦૨૬ દરમિયાન યોજાનાર જન્મ શતાબ્દીમહોત્સવ કાર્યક્રમની રૂપરેખા માટે ભવ્ય મીટીંગનું આયોજન કરવામાં આવ્યું. શાંતિકુંજ હરિદ્વારથી પૂ. દયાનંદભાઈ તથા જોન માંથી કનુદાદા ખાસ અમરેલી ગાયત્રી પરિવારના પરિજનોની ગોષ્ટી લેવા માટે પધાર્યા હતા. પૂ. સંત ડો. રતીદાદા, શાંતિકુંજ હરિદ્વારથી પધારેલ પૂ. દયાનંદભાઈ તથા જોન માંથી પધારેલ કનુદાદા, અતુલભાઈ પંડયા, બીપીનભાઈ વગેરે મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી. ત્યારબાદ પધારેલ મહેમાનોનું ફૂલહાર અને મંત્રપટ્ટા પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું. ભારત ભૂષણ મહેશભાઈ મહેતાએ અમરેલી જીલ્લાના વિવિધ તાલુકાઓ માંથી પધારેલ પરિજનોને આવકાર્યા. પુ. સંત ડો. રતીદાદાએ કાર્યક્રમને અનુરૂપ ઉદબોધન આપ્યું. બીપીનભાઈએ જયોતિ કળશ યાત્રાની સફળતા અંગેનો સુંદર અહેવાલ રજુ કર્યો. જોન માંથી પધારેલ કનુદાદાએ જયોતિ કળશ યાત્રાની કામગીરીને બિરદાવી તેમજ હવે પછીની કામગીરી વિશે માહિતી આપી. ખાસ શાંતિકુંજથી પધારેલ પૂ. દયાનંદભાઈ ગાયત્રી માતાનું અતિ સુંદર ગીત રજુ કર્યું તેમજ જાન્યુઆરી ૨૦૨૬ માં યોજાનાર ભવ્ય જન્મ શતાબ્દી મહોત્સવ વિશે વિસ્તારથી માહિતી આપી હતી. અમરેલી જીલ્લાના વિવિધ તાલુકામાંથી પધારેલ ગાયત્રી પરિવારના પરિજનોએ જન્મ શતાબ્દી મહોત્સવમાં પોતે તન,મન,ધનથી સહયોગ આપી મહોત્સવને દિવ્ય બનાવશે એવું આશ્વાસન પૂ. દયાનંદભાઈને આપ્યું. ભારત ભૂષણ મહેશભાઈએ જણાવ્યું કે તા. ૧૭/૯/૨૦૨૫ બુધવારના રોજ શાંતિકુંજ હરિદ્વારથી સેફાલીદીદીનો નારી સંમેલન કાર્યક્રમનું ભવ્ય આયોજન ગાયત્રી સંસ્કાર ધામ–ચલાલા ખાતે કરવામાં આવ્યું છે. નારી સંમેલનના આ કાર્યક્રમ વધુમાં વધુ બહેનો અને ભાઈઓ જોડાઈ તેવું જણાવેલ. કાર્યક્રમના અંતમાં ભારત ભૂષણ મહેશભાઈએ બધાનો આભાર વ્યક્ત કર્યો. દરેક પરિજનો માટે સુંદર ભોજનની વ્યવસ્થા સંસ્થાના ડાયરેકટર શીતલબેન મહેતા દ્વારા કરવામાં.. આવી.

### નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં

## મોટા આંકડીયા ખાતે ''પ્રાકૃતિક કૃષિ અને અંજીરની ખેતી'' વિષય અંતર્ગત સફળ કૃષિ શિબિર યોજાઈ

**વિવિધ પાકો ઉપર બદલાતા હવામાનની વિવિધ અસરો અંગે ખેડૂતોને જાણકારી આપાઈ**



અમરેલી, તા. ૯

અમરેલીના મોટા આંકડીયા મુકામે ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક અને અમરેલી–કુંકાવાવ–વડીયા વિસ્તારના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા અને પ્રાકૃતિક કૃષિ, ગુજરાત પ્રદેશ કન્વીનર પ્રફૂલભાઈ સેંજલીયાની પ્રેરક ઉપસ્થિતિમાં ''પ્રાકૃતિક કૃષિ અને અંજીરની ખેતી'' વિષય અંતર્ગત સફળ કૃષિ શિબિરનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં મોટા આંકડીયા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારના ખેડૂતોએ ભાગ લીધો હતો. આ પ્રાકૃતિક કૃષિ માહિતી માર્ગદર્શન શિબિરનું આયોજન મોટા આંકડીયાના પ્રગતિશીલ ખેડૂત ભગવાનભાઈ સવસૈયા, દિનેશભાઈ સવસૈયા, વિલાસબેન સવસૈયા સહિત તેમના પરિવારે કર્યું હતું.

પ્રાકૃતિક કૃષિ અન્વયે આયોજિત માહિતી માર્ગદર્શન શિબિરમાં પ્રાકૃતિક કૃષિથી તૈયાર થયેલ અંજીરના પાકનું નિદર્શન કરવામાં આવ્યું હતું. અંજીરના પાક માટે ખેતીની પદ્ધતિ અને પ્રોસેસીંગ પ્રક્રિયા વિષયક ખેડૂતોને જાણકારી આપવામાં આવી હતી.

દર વર્ષે વાતાવરણીય બદલાવો આવી રહ્યા છે. વરસાદની પેટર્ન વિશેષ પ્રકારે બદલાઈ રહી છે. ગ્લોબલ વોર્મિંગની અસરો કૃષિ પાકો પર પણ વર્તાઈ રહી છે. જાણીતા વેધરએક્સપર્ટ પરેશભાઈ ગોસ્વામી દ્વારા પ્રાકૃતિક કૃષિમાં વાવેતર હેઠળના વિવિધ પાકો ઉપર બદલાતા હવામાનની વિવિધ અસરો અંગે ખેડૂતોને વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

પ્રાકૃતિક કૃષિ, ગુજરાત પ્રદેશ કન્વીનર પ્રફૂલભાઈ સેંજલીયાએ જણાવ્યું કે, ગૌઆધારિત પ્રાકૃતિક કૃષિ એ સમયની પ્રમુખ માંગ છે. જમીનની ફળદ્રુપતા સતત ઘટી રહી છે. ઝેરમુકત કૃષિ થકી જ માનવીય આરોગ્ય પરનો ખતરામાંથી બચી શકાય છે. તેમણે ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા આહ્વાન કર્યું હતું.

અમરેલીના ખેડૂતો હવે ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ તરફ વળ્યા છે. જિલ્લાના અનેક ખેડૂતો ધાન્ય પાકો, કઠોળ પાકો અને બાગાયતી પાકોની કૃષિ હવે ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ મુજબ કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, ગાયના ગોબર, ગૌમૂત્ર, ગોળ, બેસન, વૃક્ષના નીચેની માટીમાંથી તૈયાર થયેલ ઘનજીવામૃત, દશપર્ણીઅર્ક સહિતનો ઉપયોગ કરવામાં આવે છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓનો ઉપયોગ કરવામાં આવતો નથી.

### સ્વસ્થ ગુજરાત - મેદસ્વિતા મુક્ત ગુજરાત

## મેદસ્વીતા ઘટાડવામાં યોગાસન અને પ્રાણાયામ અસરકારક

**યોગ એ માત્ર ઉપાય નહીં પરંતુ એક ઉપચાર છે**

અમરેલી, તા. ૯

મેદસ્વિતા હદયરોગ, ડાયાબિટીસ, હાઈ બ્લડપ્રેશર, ઘૂંટણ તથા કમર દર્દ કેન્સર વગેરે ગંભીર બીમારીઓને નોતરે છે, ત્યારે મેદસ્વિતાથી બચવામાં યોગાસનની સાથે પ્રાણાયામ ખૂબ અસરકારક છે.

યોગાસનની સાથે પ્રાણાયમનો નિયમિત અભ્યાસ કરવામાં આવે તો મેદસ્વિતાથી મુકિત મળવાની સાથે ઘણા ગંભીર રોગોથી પણ બચી શકાશે.

ગુજરાત સરકારે પણ લોકો સ્થૂળતા મુકત બની સ્વસ્થ જીવનશૈલી અપનાવે તે માટે ''સ્વસ્થ ગુજરાત–મેદસ્વિતા મુકત ગુજરાત'' અભિયાન શરૂ કર્યું છે. જેથી લોકો મેદસ્વિતા ઘટાડવા માટે વધુ સજાગ બને.

મેદસ્વિતા ઘટાડવામાં પાંચ યોગાસનમાં પ્રથમ સૂર્ય નમસ્કાર ચરબી ઓગાળવામાં અત્યંત અસરકારક છે, ધનુરાસન કમર અને પેટના ભાગની ચરબી ઓગાળે છે, ભુજંગાસન પાચનતંત્રને મજબૂત બનાવે છે, ઉત્કટાસન થાઈશ અને એબ્ડોમિનલ મસલ્સ મજબૂત કરે છે અને નેકાસન એબ્સ ટોન કરવા માટે શ્રેષ્ઠ છે.

મેદસ્વિતા ઘટાડવામાં પાંચ પ્રાણાયામમાં કપાલભાતિ વજન ઘટાડવા અને ચરબી ઓગાળે છે, નાડી શોધન તનાવ ઘટાડે અને આંતરિક તંત્રને સંતુલિત કરે છે, ભસ્ત્રિકા ઓક્સિજન લેવલ વધારે અને ચરબી ઓગાળે છે, ઉજ્જાઈ પ્રાણાયામ પાચન શકિત સુધારે અને માનસિક શાંતિમાં મદદરૂપ થાય છે. ઉપરાંત અનુલોમ વિલોમ મેટાબોલિઝમ સુધારે છે અને ઊર્જા સંતુલિત કરે છે.

મેદસ્વિતા ઘટાડવા માટે યોગાસનની સાથે પ્રાણાયામ કરવામાં આવે તો વિશેષ લાભો પણ મેળવી શકાય છે. આમ, યોગ એ માત્ર ઉપાય નહીં પરંતુ એક ઉપચાર પણ છે.

### અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત

## અમરેલીની શ્રીમતી ડી.એચ. કાબરીયા આર્ટ્સ મહિલા કોલેજનું B.A. (Eng) sem-1નુ શ્રેષ્ઠ પરિણામ

**સિધ્ધિ માણીયા, હેતસ્વી સરવૈયા અને જાન્વી વઘાસીયા અગ્રેસર**







અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી ડી.એચ. કાબરીયા આર્ટ્સ કોલેજનુ B.A.(Eng) sem-1નુ શ્રેષ્ઠ પરિણામ આવેલ હતું.

તાજેતરમાં લેવાયેલ પરિક્ષામાં મહિલા કોલેજની વિદ્યાર્થીનીઓ સિધ્ધિ માણિયા, હેતસ્વી સરવૈયા અને જાન્વી વઘાસીયાએ અનુક્રમે ૮૬.૩૬, ૮૪.૭૩ અને ૮૪.૧૮ ટકા મેળવીને સમગ્ર સંસ્થાનુ ગૌરવ વધારતાં સંચાલકોએ વિદ્યાર્થીનીઓ અને સ્ટાફ પરિવારને શુભેચ્છા પાઠવી છે.

## અમરેલી : રૂપાયતનનાં વિદ્યાર્થીઓ ઉત્તમ વકત્તા બની શકે એવા હેતુથી વકૃતત્વ સ્પર્ધા સજજતા અભિયાન આયોજન

અમરેલી, તા. ૯

અમરેલી સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ રૂપાયતન અમરેલી સંચાલિત શ્રીમતી પી.એન. વોરા વિદ્યાનિકેતન પ્રાથમિક શાળા ધો. ૮નાં તથા દીપક હાઈસ્કુલના ધો. ૯નાં વિદ્યાર્થીઓ માટે ઉપરોકત વિષયમાં બાળકોને સજજ કરવા માટેનું અભિયાન શરૂ કરવામાં આવેલ છે. જેના ભાગ રૂપે તા. ૬/૯/૨૫ના શનિવારે શાળામાં પ્રથમ પ્રયત્ન થયેલ. આ અભિયાનમાં ધો. ૮નાં ૧૩ અને ધો. ૯નાં ૭ મળી કુલ ૨૦ બાળકો સહભાગી બનેલ. આ માટેનાં વિષયો અગાઉથી આપવામાં આવેલ.

સંસ્થાનાં મંત્રી રવજીભાઈ કાચાએ વકતૃત્વ સજજતા અભિયાન વિશે તલસ્પર્શી માહિતી અને સમજ આપતાં જણાવેલ કે આ સ્પર્ધા નથી અભિયાન છે. જે આખું વર્ષ ચાલશે. સ્પર્ધકોને માત્ર ગ્રેડ અપાશે.

વિદ્યાર્થીઓએ વિવિધ વિષયો પર વકતવ્ય આપેલ. આ પ્રથમ પ્રયત્ન હતો. માત્ર સ્ટેજ પર આવી વાત કરવી એ જ સફળતા છે. એ–ગ્રેડમાં – ૨, બી–ગ્રેડમાં – ૪, સી–ગ્રેડમાં–૫, ડી–ગ્રેડમાં–૯, બાળકોએ ગ્રેડ પ્રાપ્ત કરેલ છે.

દીપક હાઈસ્કુલના આચાર્ય ડો. અમિતભાઈ ઉપાધ્યાયે આ વકતૃત્વ અભિયાનમાં કઈ રીતે તૈયારી કરાવી, ગ્રેડ કેમ સુધારી શકાય તેની ખૂબ સારી સમજ આપી હતી.

નિર્ણાયક તરીકે આચાર્ય આરતીબેન ચાંપાનેરી, શિક્ષીકા લતાબેન રાઠોડ, તૃપ્તિબેન પંડયાએ સેવા આપી હતી.

દીપક હાઈસ્કુલના વરિષ્ઠ શિક્ષક રવિન્દ્રભાઈ ગોસાઈએ વકતૃત્વ સજજતા અભિયાનનું સફળ સંકલન અને સંચાલન કરેલ. પ્રથમ પ્રયત્ન હોવા છતાં બાળકોએ સારો ઉત્સાહ બતાવેલ અને હવે પછી દ્વિતિય પ્રયત્નમાં વધુ સારૂ પ્રદર્શન કરશે એવા આત્મવિશ્વાસ સાથે પ્રથમ બેઠકને અલ્પવિરામ આપેલ.

### કપાસના પાકમાં નુકસાનીની સહાય મેળવવા

## અમરેલી શહેરી વિસ્તારના ખેડૂતોએ નગરપાલિકા કચેરી અને જેસિંગપરાના સિવિક સેન્ટર ખાતેથી અરજી કરવી

**ઓક્ટોબર–૨૦૨૪માં ભારે વરસાદથી નુકસાનગ્રસ્ત કપાસના પાક માટે સહાય જાહેર**

અમરેલી, તા. ૯

ગુજરાત સરકાર દ્વારા ઓકટોબર–૨૦૨૪ માસમાં થયેલા ભારે વરસાદથી ઉદ્‌ભવેલી પરિસ્થિતિને ધ્યાને લઈ પાક નુકસાન અંગે વિવિધ માધ્યમથી થયેલ આંકલન મુજબ અમરેલી, જામનગર, જિલ્લાના અસરગ્રસ્ત ખેડૂતોને કપાસ પાકમાં થયેલા નુકસાન અંતર્ગત મદદરૂપ થવા સહાય જાહેર કરવામાં આવી છે. જેમાં અમરેલી જિલ્લામાં કુલ ૩૦૧ ગામોને અસરગ્રસ્ત જાહેર કરવામાં આવ્યાં છે, જેમાં કપાસ પાકમાં ૩૩% કે તેથી વધુ નુકસાન માટે સહાય મળવાપાત્ર થનાર છે. અમરેલી શહેર વિસ્તારના ફકત કપાસ પાકના નુકસાનગ્રસ્ત ખેડૂતોએ કૃષિ રાહત પેકેજનો લાભ મેળવવા માટે અમરેલી નગરપાલિકા કચેરી અને સિવિલ સેન્ટર, જેસિંગપરા એમ આ બંને જગ્યાએ અમરેલી નગરપાલિકા દ્વારા 'કૃષિ રાહત પેકેજ' અંતર્ગત અમરેલી શહેરના ખેડૂતો માટે ઓનલાઈન ફોર્મ ભરી શકાશે. આ માટે તા.૨/૯/૨૫ થી ૧૫ દિવસ સુધી ડીજીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઈન VCE/VLE મારફત જ અરજી કરવાની રહેશે. ઓનલાઈન અરજી કર્યા બાદ પ્રિન્ટ મેળવી સહિ કરીને નિયત નમૂનામાં ગામ નમૂના નં. ૮–અ, તલાટી કમ મંત્રીનો નુકસાનગ્રસ્ત કપાસ પાક વાવેતર વિસ્તારનો દાખલો/ગામ નમૂના નં. ૭–૧૨, આધાર કાર્ડના નંબર અને તેની નકલ, મોબાઈલ નંબર, સેંવિગ / બચત ખાતાનો બેંક એકાઉન્ટ નંબર, IFSC કોડ તથા નામ દર્શાવતી બેન્ક પાસબુક પાનાની સ્વચ્છ નકલ, સંયુકત ખાતાના કિસ્સામાં સંયુકત ખાતેદારો પૈકી એક જ ખાતેદારને લાભ અપાય તે અંગેનો અન્ય ખાતેદારોની સહીવાળો ''ના–વાંધા અંગેનો સંમતિ પત્ર'' વગેરે સાધનિક વિગતો, કપાસ નુકસાનનીના અધાર પુરાવાની નકલ હોય તો તે સાથે જોડીને ગ્રામપંચાયત કે ઈ–ગ્રામ કેન્દ્ર ખાતેથી VCE/VLE મારફત અરજી કરવાની રહેશે. આ સહાય પી.એફ.એમ.એસ મારફત ડી.બી.ટી. થી ચુકવણી કરવાની થતી હોય અરજદારે ખાસ પોતાનો સેવીંગ –બચત બેંક ખાતું ચાલુ હોય તે વિગતો ખાસ ચકાસણી અને ખાતરી કરીને જ અરજી કરવાની રહેશે.

વધુ જાણકારી માટે આપના સીટી તલાટી (કસ્બા તલાટી), ગ્રામસેવક, વીસીઈ તેમજ તાલુકાકક્ષાએ વિસ્તરણ અધિકારી (ખેતી), તાલુકા વિકાસ અધિકારી, મામલતદારનો સંપર્ક કરવા અમરેલી તાલુકા વિકાસ અધિકારીની યાદીમાં જણાવાયું છે.

### સરકારની વિવિધ સહાયના કારણે ખેડૂતોને સીધો લાભ થઈ રહ્યો છે

## સલડી ગામના ખેડૂતે ગોડાઉનની સહાય મેળવી અને પોતાની વાડીએ ગોડાઉન બનાવ્યું છે

**પાકનો સંગ્રહ થઈ રહ્યો છે અને સારા ભાવ મળી રહ્યા છે**

અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લો કૃષિ ક્ષેત્રે અગ્રેસર ગણાય છે. અહીંના ખેડૂતો વર્ષોથી મગફળી, કપાસ, ઘઉં અને અન્ય વિવિધ પાકોનું વાવેતર કરતા આવ્યા છે. પરંપરાગત પદ્ધતિથી ખેતી કરતાં ખેડૂતોને ઘણી વાર ભાવની અનિશ્ચિતતાનો સામનો કરવો પડતો હતો. ખાસ કરીને જયારે પાક તૈયાર થતો ત્યારે બજારમાં મોટા પાયે આવક થવાથી ભાવ ઘટી જતો અને ખેડૂતને યોગ્ય ભાવ મળતો ન હતો. આવી પરિસ્થિતિમાં પાકનું યોગ્ય સંગ્રહણ ખેડૂતો માટે મહત્વપૂર્ણ બની જાય છે. આ સમસ્યાનું સમાધાન સરકાર દ્વારા અપાતી ગોડાઉન સબસીડી યોજના દ્વારા થયું છે.



લીલીયા તાલુકાના સલડી ગામના પ્રગતિશીલ ખેડૂત ડેર વિજયભાઈનો એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. તેઓ પાસે ૯ વીઘા જમીન છે અને મુખ્યત્વે મગફળી અને કપાસની ખેતી કરે છે. વિજયભાઈએ જણાવ્યું કે ગોડાઉન ન હોવાને કારણે પાક તૈયાર થયા પછી તેમને તરત જ બજારમાં વેચવું પડતું હતું. તે સમયે બજારમાં જે ભાવ મળતા, તે જ દરે વેચવું પડતું હોવાથી ઘણી વખત યોગ્ય આવક થતી ન હતી. પરંતુ સરકારની સબસિડી યોજના હેઠળ ગોડાઉન બાંધવાની તક મળતાં આજે તેમની પરિસ્થિતિમાં ઘણો ફેરફાર આવ્યો છે. વિજયભાઈ કહે છે કે ગોડાઉન બાંધવાથી પાકનું સુરક્ષિત સંગ્રહણ કરવા એ તેમને શાંતિ અને નફો આપ્યું. હવે પાક તૈયાર થયા પછી તરત જ વેચવાનો નહીં, પરંતુ ગોડાઉનમાં સંગ્રહ કરી સારો ભાવ મળતા વેચાણ કરી શકે છે. આથી પાકના મૂલ્યમાં સીધો લાભ થયો છે અને ગોડાઉન બાંધવામાં સબસીડી દ્વારા એક લાખ રૂપિયાનો ખર્ચ બચ્યો છે. ગોડાઉન હોવાને કારણે પાક પર વરસાદ, ભેજ અથવા કીટકોનો પ્રભાવ ઓછો થાય છે અને પાક વધુ સમય માટે સારી ગુણવત્તામાં રહેછે. એક તરફ સારો ભાવ મળવાને કારણે નફો વધે છે તો બીજી તરફ ઉત્પાદનનો નુકસાન ઓછો થાય છે. આથી ખેડૂતને આર્થિક મજબૂતી મળે છે. સરકારે આ યોજના હેઠળ ૫૦% થી ૭૦% સબસીડી આપીને નાના અને મપ્રયમ ખેડૂતોને ખાસ પ્રોત્સાહન આપ્યું છે. અમરેલીમાં ઘણા ખેડૂતો આ યોજનાનો લાભ લઈ તેમની ખેતી સુધારી રહ્યા છે.

વિજયભાઈ જેવા ખેડૂતો કહે છે કે ગોડાઉન બાંધવાથી આર્થિક લાભ તો મળ્યો જ, પણ માનસિક શાંતિ પણ મળી. પાક સુરક્ષિત છે, નુકસાનની ચિંતા ઘટી ગઈ છે અને સારો ભાવ મળતા વેચાણનો આત્મવિાસ આવ યો છે. આથી તેઓ ખેતી પ્રત્યે વધુ ઉત્સાહ અને નવી પદ્ધતિઓ અપનાવી રહ્યા છે. એકંદરે, ગોડાઉન સબસીડી યોજના ખેડૂતો માટે આશીર્વાદ સમાન છે.

## વર્ષ - ૨૦૨૪ના ઓક્ટોબર માસમાં ભારે વરસાદથી કપાસના પાકમાં 33 ટકા વધુ નુકસાની થઈ છે તેવા ખેડૂતો તા. ૧૬ સુધીમાં અરજી કરે

**કૃષિ રાહત પેકેજનો લાભ મેળવવા ખેડૂતોને સમયસર અરજી કરવા અનુરોધ**

અમરેલી, તા. ૯

વર્ષ – ૨૦૨૪ના ઓકટોબર માસમાં ભારે વરસાદથી કપાસના પાકમાં ૩૩ ટકા વધુ નુકસાની થઈ છે તેવા ખેડૂતો માટે રાજય સરકારે સહાય જાહેર કરી છે. અમરેલી જિલ્લામાં કુલ – ૩૦૧ ગામોને અસરગ્રસ્ત જાહેર કરવામાં આવ્યાં છે જેઓને નુકસાનની માટે સહાય મળવાપાત્ર થનાર છે.

અમરેલી જિલ્લામાં કૃષિ રાહત પેકેજનો લાભ મેળવવા માટે તા.૨/૯/૨૦૨૫ થી તા.૧૬/૯/૨૦૨૫ દરમિયાન અરજી કરી શકાશે. એટલે હવે અરજી કરવાનો હવે ફકત ૭ દિવસ બાકી હોય તાત્કાલિક ધોરણે પાત્રતા ધરાવતા અસરગ્રસ્ત ખેડૂતોએ ફરજીયાત પણે ઓનલાઈન અરજી કરવા અપીલ કરવામાં આવે છે. અરજીની મુદત પૂર્ણ થયા બાદ કોઈ રજુઆત કે અરજીઓ સ્વિકારવા કે ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.

વધુમાં, આ કૃષિ રાહત પેકેજની અરજી અબહ મારફત વિનામૂલ્યે કરી શકાશે. એટલે કે અરજી કરવા માટે ખેડૂતોએ કોઈ ચૂકવણું કરવાનું રહેતું નથી. અરજી અંતર્ગતની સહાય ખેડાણ હેઠળના ખાતા દીઠ (ગામ નમૂના નં. ૮/અ દીઠ) એક લાભાર્થી તરીકે ગણવાની રહેશે અને આ ખાતામાં એકથી વધુ ખેડૂતોનો સમાવેશ થતો હોય તો આ તમામ ખેડૂતો પૈકી કોઈ એક જ ખેડૂતને સહાય મળશે અને તેણે ખાતાના અન્ય ખેડૂતોનું સંમતિપત્રક રજૂ કરવાનું રહેશે. આ પેકેજ હેઠળ ખાતેદાર ખેડૂત એક કરતા વધુ ખાતા ધરાવતા હશે તો પણ એક જ ખાતા પર સહાય મળવાપાત્ર થશે. આ પેકેજ અંતર્ગત એક આધાર નંબર દીઠ એક જ વાર સહાય મળવાપાત્ર રહેશે.

વધુ જાણકારી માટે આપના ગામના તલાટી કમ મંત્રી, સીટી તલાટી (કસ્બા તલાટી), ગ્રામસેવક, વી.સી.ઈ., તાલુકા કક્ષાએ વિસ્તરણ અધિકારી (ખેતી), તાલુકા વિકાસ અધિકારી કે મામલતદારનો સંપર્ક કરવા અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવ્યું છે.

### સ્વ. નંદલાલભાઈ પોપટ અને લતાબેન પોપટની દિવ્ય પ્રેરણાથી

## બાબરામાં સતત ૪ થા વર્ષે પ્રાચીન શેરી ગરબીની બાળાઓને લ્હાણી વિતરણ

**ખાદી મિત્ર સર્કલે નોંધણી કરાવી લેવા અનુરોધ કર્યો**

બાબરા, તા. ૯

બાબરામાં લોહાણા સમાજના મોભીઅને જીનીગ ઉધોગપતિ સ્વર્ગસ્થ નંદલાલભાઈ વાલજીભાઈ પોપટ અને લતાબેન નંદલાલભાઈ પોપટની દિવ્ય પ્રેરણાથી નવરાત્રીમાં પ્રાચીન શેરી રાસ ગરબે રમતી બાળાઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવે છે. બાબરાના ખાદી મિત્ર સર્કલ દ્વારા આ ભગીરથ કાર્ય છેલ્લા ચાર વર્ષથી કરવામાં આવી રહ્યું છે. આ વર્ષે પણ તા.૨૮/૯/૨૫ ને રવિવારના રોજ અહીં ઉમિયાનગર વિવેકાનંદ સ્કૂલની બાજુમાં લ્હાણી વિતરણ કાર્યક્રમ યોજાશે. જેમાં સવારે દસ કલાકે દીપ પ્રાગટય બાદ તમામ બાળાઓનું પૂજન અર્ચન અને ત્યારબાદ અને એકજ પંગતમાં તમામ બાળાઓ ( ગોયણી) બેસાડી ભાવપૂર્વક મહાપ્રસાદ લેવામાં આવશે અને ત્યારબાદ તાપડીયા આશ્રમના મહંત પૂજય ઘનશ્યામદાસ બાપુની પાવન ઉપસ્થિતીમાં અને તેમના શુભ વરદ હસ્તે બાળાઓને લ્હાણી વિતરણનું શુભારંભ કરાશે તેમજ આ તકે શહેરના તમામ રાજકીય, સામાજિક અને વેપારીઓ અગ્રણીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહેશે. બાબરા ખાદી મિત્ર સર્કલ દ્વારા જાહેર અનુરોધ કરતાં જણાવ્યું હતું કે બાબરા શહેર અને અમરાપરા વિસ્તારમાં પ્રાચીન શેરી ગરબીઓનું આયોજન કરતા આયોજકો તાત્કાલિક અસરથી અહીં ખાદી ભંડાર શોપમાંથી અનિલભાઈ ચૌહાણ અને પંકજભાઈ ઈન્દ્રોડિયાનો સંપર્ક કરી ફોર્મ મેળવી પોતાની ગરબીનું રજિસ્ટ્રેશન કરાવી લે તા. ૨૫/૯/૨૫ અને ગુરૂવારે સાંજના ૬ કલાક સુધી આયોજકો રજિસ્ટ્રેશન અને ફોર્મ જમા કરાવી શકશે તેવું અંતમાં ખાદી મિત્ર સર્કલ દ્વારા જણાવ્યુ હતુ.

દર મહિના ના બીજા બુધવારે
તારીખ : 10/09/૨૦૨૫
સમય : સવારે 10 : 00 થી 1 : 00
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
પેટ- આંતરડાના નિષ્ણાંત હવે આપણી ગોળ હોસ્પિટલમાં..
એન્ડોસ્કોપી અને કોલોનોસ્કોપી (દુરબીન વડે પેટની તપાસ) ની સુવિધા ઉપલબ્ધ
ડો.અવ્વલ સાદીકોટ
MD,DNB (Gastro) ગોલ્ડ મેડાલીસ્ટ
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

## સત્તાધારી પક્ષ ભાજપનાં અગ્રણી હિરેન હિરપરાનો પણ સ્વીકાર

# અમરેલી જિલ્લામાં નેશનલ અને સ્ટેટ હાઈવે બિસ્માર હાલતમાં

**જિલ્લામાં બનતાં લગભગ તમામ માર્ગોમાં ગુણવત્તાનો અભાવ જોવા મળી રહ્યો હોવાનું જણાવ્યું**

**અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર કાળી કમાણી કરીને માર્ગ બાબતે જનતાને કરે છે પરેશાન**

**કોઈ માર્ગ બનાવનાર એજન્સીનો ક્યારેય દંડ કે પોલીસ ફરિયાદ પણ થતી નથી**

**વિકાસ અને ભ્રષ્ટાચાર મુકત શાસનની ગુલબાંગો વચ્ચે સત્તાધારી પક્ષનાં આગેવાને જ વાસ્તવિકતા સ્વીકારી**



અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લાનાં માર્ગો અનેખાડાવચ્ચેચોલી–દામનજેવોસબંધ જોવા મળી રહ્યો છે. માર્ગ–મકાન વિભાગએપંચાયત, સ્ટેટહોયકેરાષ્ટ્રીય હોય તમામ વિભાગોમાં ભ્રષ્ટાચારની વ્યાપકફરિયાદહોયઅનેતેમાંબેઈમાન કોન્ટ્રાકટરની મિલીભગતથી જનતાનાં પરસેવાનાં પૈસાથી બનતા માર્ગો હલ્કી ગુણવત્તાનાંબનીરહ્યાછેઅનેતેમાંઅમુક ભ્રષ્ટ રાજકીય આગેવાનો પણ સામેલ હોવાથી વાહનચાલકો આ ત્રિપુટીથી ત્રાહીમામપોકારીચુકયાહોયતેવાસમયે સત્તાધારી પક્ષનાં અનેક આગેવાનો વિકાસ અને ભ્રષ્ટાચાર મુકત શાસનની ગુલબાંગોફેંકીરહ્યાછે. તેજસમયેપ્રદેશ ભાજપ કિસાન મોરચાનાં મહામંત્રી હિરેનહિરપરાએમાર્ગની ગુણવત્તાસામે ગંભીર આક્ષેપો કરતાંચકચાર મચી છે.

તેઓએ મુખ્યમંત્રીને પાઠવેલપત્રમાંજણાવેલછે કે, અમરેલી જિલ્લાનાં આવેલા નેશનલ હાઈવે અને સ્ટેટહાઈવેઅતિખરાબહાલતમાંછે. આ જિલ્લામાં બનતા નવા ડામર રોડ રી–કાર્પેટ રોડમાં કાયમી ગુણવત્તાનો અભાવ રહ્યો છે. અધિકારીઓ અને કોન્ટ્રાકટર કાળી કમાણી કરીનેજનતાને રોડ–રસ્તા બાબતે કાયમી પરેશાન કરે છે. અમરેલી જિલ્લામાં આવેલા સ્ટેટ હાઈવે અને જિલ્લા પંચાયત માર્ગ–મકાનવિભાગનાંનવાબનતારોડ કેરી–કાર્પેટ ડામરના સેમ્પલ થર્ડ પાર્ટી કેગેરીનીલેબમાંફેલથયાહોયએવાકોઈ દાખલાઓબનેલનથી. ગેરંટીસમયમાં રહેલા રોડ કોન્ટ્રાકટરના ખર્ચે રીપેરીંગ થયા હોય તેવા દાખલાઓ જનતાની જાણમાં નથી. કોઈ એજન્સીને નબળા કામ સબબ દંડ થયો હોય અને વસુલાત થઈ હોય તેવા દાખલા નહીવત છે. કોઈનીસામે પોલીસફરિયાદ થઈ હોય તેવા દાખલા નથી. અમરેલી જિલ્લામાં

અનુસંધાન પાના ૬ ઉપર

## અમરેલી : સિટી પોલીસ દ્વારા ગુમ થયેલ મોબાઈલ ફોન પરત અપાયો




અમરેલી, તા. ૯

અમરેલીશહેરપોલીસદ્વારા તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત પ્રશંસનીયકામગીરી કરવામાંઆવીછે. શહેરના પોલીસ સ્ટેશન ખાતે એક અરજદારએ પોતાના ગુમ થયેલ મોબાઈલફોનઅંગેઅરજીનોંધાવીહતી. મોબાઈલ ફોન ગુમ થવાથી અરજદાર મુશ્કેલીમાંમુકાયાહતા.

પોલીસ અધિકારીઓએ ઘટનાને ગંભીરતાથી લઈ તપાસ હાથ ધરી. હ્યુમનસોર્સઅનેતકનીકીમદદથી મળેલીમાહિતીનાઆધારે પોલીસે ગુમ થયેલ મોબાઈલ ફોન શોધી કાઢયો. બાદમાં કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કરીને મોબાઈલ ફોન અરજદારને પરત અપાયો.

આ કામગીરીથી પોલીસ અનેપ્રજાજનોવચ્ચેવિશ્વાસનોપુલવધુ મજબૂત બન્યો છે. પોલીસ માત્ર ગુનાખોરી અટકાવવા પૂરતી જ નથી, પરંતુ નાગરિકોને મળતી સમસ્યાઓનું નિરાકરણ લાવવા પણ તત્પર છે. તેવો સંદેશ સમાજમાં ગયો છે. અરજદારે મોબાઈલ ફોન પરત મળતા પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો.

તેરા તુજકો અર્પણ કાર્યક્રમ પોલીસ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવ્યો છે. જેનો મુખ્ય હેતુ ગુમ થયેલ માલિકી વસ્તુઓ શોધીને યથાવત માલિકનેપરતઅપાવવાનોછે. અમરેલી સિટીપોલીસનીઆકામગીરીસરાહનીય છેઅનેનાગરિકસુરક્ષાસાથેસેવાભાવના પણદર્શાવે છે.

### વ્યાજે નાણા આપનારની ધમકીથી કંટાળીને

## બગસરાનાં જુની હળીયાદ ગામનાં પ્રૌઢે ગળાનાં ભાગે કાપા મારતાં ઈજાગ્રસ્ત

**ઈજાગ્રસ્તે ૨ વ્યકિતઓ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા. ૯

બગસરા તાલુકાના જુની હળીયાદ ગામે રહેતા કાંતિભાઈ અરજણભાઈ દાફડા નામના ૫૦ વર્ષિય ડ્રાઈવરે આશરે છ વર્ષ પહેલા બગસરા ગામે રહેતા રૂસ્તમ મોગલ તથા સાજીદભાઈ ઈકબાલભાઈ અગવાન નામના આરોપીઓ પાસેથી બે વખત રૂપિયા પચાસ પચાસ હજાર મળી કુલ એકલાખ રૂપિયા દશટકાવ્યાજે લીધેલ હતા.

અનુસંધાન પાના ૬ ઉપર

### અજાણી વ્યકિત ડુબી જવાની જાણકારી બાદ ફાયર ટીમે તપાસ કરતા

## ધારીનાં યુવકનો ભરડ ડેમમાંથી મૃતદેહ મળી આવતાં તપાસ શરૂ

**મૃતકનુ નામ ભગીરથભાઈ વાળા હોવાનુ ખુલ્યુ**



અમરેલી, તા. ૯

ધારી તાલુકાના ભરડ ગામ ખાતે આવેલ ભરડ ડેમમાં કોઈ અજાણી વ્યકિત ડૂબી જવાનની ઘટના બનેલ તેના અનુસંધાને અમરેલી ફાયર કંટ્રોલરૂમ ખાતે ટેલીફોનિક જાણ કરવામાં આવતા અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની ટીમ તુરંત ઘટના સ્થળ પર પહોંચી હતી. અને અંદાજિત ત્રણ કલાકની ભારે જહેમત બાદ ભરડ ડેમમાં ડૂબી ગયેલ વ્યકિતઓનું રેસ્ક્યુ કરી પોસ્ટમોર્ટમ અર્થે ધારી પોલીસને સોપી આપેલહતી.

આ બનાવમાં ભરડ ડેમમાં ડૂબી ગયેલ વ્યકિત અંગે તપાસ કરતાં ધારી ગામે રહેતા ભગીરથ ભાઈઅનકભાઈ વાળા ઉં.વ. ૨૫ હોવાનું જાણવા મળેલ છે. પોલીસે બનાવ અંગે આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

આ કામગીરીમાં ફાયર સ્ટાફના સાગરભાઈ પુરોહિત, ભુરીયા જગદીશભાઈ, ભગવતસિંહ ગોહિલ, સવજીભાઈ ડાભી, ધવલ ચાવડા તથા મિલનભાઈ ગાંભવા વીગેરે આ કામગીરીમાં જોડાયા હતા.

### ૩ વર્ષ પહેલા ગૌધનને મુખમાં ધકેલાયા બાદ

## દામનગરમાં વાછરડામાં લંપી રોગે દેખા દેતાં ફફડાટનો માહોલ

**પશુપાલકોને સાવચેતી રાખવા અપિલ કરાઈ**


તસ્વીર : નટુભાઈ ભાતિયા–દામનગર

દામનગર, તા. ૯

દામનગરમાં વાછરડામાં આવેલ લંપી રોગથી પશુ પાલકોમા ફફડાટ. પશુ ડોકટર દ્વારા કરાતી સારવાર. સ્વયંસેવકો કરી રહ્યાછે. સેવા સાવચેત રહેવા અપીલ કરાઈ છે. ત્રણ વર્ષ પહેલાંઆવેલલંપીરોગથીઅસંખ્ય ગૌધનમોતનાંમુખમાંધકેલાઈ ગયુંહતું. તે સમયે સરકાર અને સામાજીક સંસ્થાઓ તેમજ પશુ પ્રેમીઓએ સાથે મળીને આ રોગને નાથવા માટે પ્રયત્નો કરીનેમુશ્કેલી–અનેપડકારનોસામનો કર્યોહતો. ત્રણ પછીદામનગર શહેરમાં ફરી પાછો ગૌધનમા લંપી રોગ આવતા દોડધામ થઈ રહી છે. છેલ્લા પાંચેક દિવસથીવાછરડીઅનેવાછરડામાંલંપી રોગની ગાંઠ નિકળતા પશુ ડોકટર હિરેનભાઈ વાઘેલા સારવાર કરી રહ્યાં છે, અને દામનગરના ગૌસેવકો સેવા આપીરહ્યાછે. પશુપાલકોએસાવચેતી રાખવા અપીલ કરાઈ છે. હાલ ત્રણ વાછરડાનીસારવાર ચાલુહોવાનુંઅને વાછરડીનું મોત થયાનું સાંભળવા મળ્યુંછે.

### વર્ષોથી ચાલતા અનેક રૂટ બંધ કરી દેવાયા

## દામનગરમાં આધુનિક બસ સ્ટેન્ડની સુવિધા મળી પણ નવા રૂટ મળતા નથી

**ધારાસભ્ય અને એસ.ટી.નાં અધિકારીઓ ન્યાય કરે**


તસ્વીર : નટુભાઈ ભાતિયા–દામનગર

દામનગર, તા. ૯

દામનગર શહેર અને નજીકનાં ૨૫ થી વધુ ગામની સિત્તેર હજારની વસ્તીના લોકોને દામનગર શહેરમાં બનેલ આધુનિક બસ સ્ટેન્ડનો લાભ મળતો થયો છે, પરંતુ આ વિસ્તારના લોકોને અગાઉ સવારની અમરેલી–પાલીતાણા, ધારી–ભાવનગર, બગસરા–ભાવનગર, ગારિયાધાર–સુરેન્દ્રનગર, બાબરા–કુતાણા, સાંજની અમરેલી–ભાવનગર, રાતની સાવરકુંડલા–અમરેલી કૃષ્ણનગર સહિતની આ લાંબા રૂટની બસનો લાભ મળતો હતો અને તંત્રને પુરતા પ્રમાણમાં પેસેન્જરોને હિસાબે આવક મળતી હતી. પરંતુ કોઈપણ જાતનાં કારણ વગર આ રૂટ બંધ કરી દેવાતા પરેશાની ભોગવવી પડી રહી છે. તેમજ લાઠી અને ઢસા ગામ ચોકડીથી પસારથી લાંબા રૂટની બસોને દામનગર થી (માત્ર એક સ્ટેજ વધુ થાય) ચલાવાની માંગ છે તે સંતોષાતી નથી. આ માંગ વ્યાજબી અને ઉચિત હોવા છતાં એસ.ટી.ના અધિકારીઓ પેસેન્જરોની

અનુસંધાન પાના ૬ ઉપર

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ કેટરર્સ
The King of catering service
સ્પે. ગુજરાતી થાળી
અરજણભાઈ પટેલ મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો.૯૬૮૭૦ ૭૭૨૯૫
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
અને શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ Mo.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૭૫

ન ભૂતો.... ન ભવિષ્યતિ...
ટુ વ્હીલર બેટરી ધમાકા ઓફર
મોન્સુન ધમાકા ઓફર
ટુ વ્હીલર વાહન માલિકો માટે આનંદના ખબર
દરેક ટુ વ્હીલર સેલ્ફ સ્ટાર્ટ વાહનો માટેની બેટરી
Lucas
4 LB માત્ર રૂા.૮૦૦/- માત્ર
5 LB માત્ર રૂા.૧૦૦૦/- માત્ર
4 LB માત્ર રૂા.૭૦૦/- માત્ર
5 LB માત્ર રૂા.૯૦૦/- માત્ર
નોંધ : આ ભાવ માત્ર જુની બેટરી પરત કરવાના છે.
દરેક ટુ વ્હીલરની બેટરી હાજર સ્ટોકમાં મળશે.
આ સાથે ૪૮ મહિનાની વોરંટી તો ખરીજ..
અમરેલી જિલ્લાના ડિસ્ટ્રીબ્યુટર
94269 38161 (Since 1995) 76986 55398
જય શ્રી ચામુંડા બેટરી હાઉસ
મેઈન બ્રાંચ: રેલ્વે સ્ટેશન રોડ, ગોપી ટોકીસની બાજુમાં, અમરેલી
બ્રાંચ: લાઠી રોડ, બાયપાસ ચોકડી, અમરેલી

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• સેલ્સ કો-ઓર્ડિનેટર-2
• કૂલ પાર્લર મેનેજર - 1
• કેશિયર - 1
• બિઝનેસ ડેવલપમેન્ટ મેનેજર - 1 (મિલ્ક ડિવિઝન)
• નાઈટ બિલિંગ એક્ઝિક્યુટિવ - 1
• સેલ્સ અને માર્કેટિંગ ઓફિસર - 2
• રીપોર્ટીંગ મેનેજર - 1
Location :
શીતલ કુલ પ્રોડક્ટ્સ લિમિટેડ
પ્લોટ નં. ૭૫ થી ૮૧, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, અમરેલી-૩૬૫૬૦૧, ગુજરાત.
hrscpl1987@gmail.com
+91 95109 59957
APPLY NOW

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)